*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





વીર સં. ૨૫૦૫, જાન્યુઆરી [ ૪૨૩ ] વર્ષ ૩૫ : અંક ૧૪

# પંચમકાળના પ્રતિબુદ્ધ શ્રોતાનો પડકાર

જેને સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ આનંદસ્વરૂપ ભાસ્યો છે તે એમ જાણે છે કે પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. આહાહા ! અમે અમારા પરમાનંદના નાથને જોયો-જાણ્યો-અનુભવ્યો ! હવે અમને જગતના કોઈ પદાર્થો મારાપણે ભાસતા નથી. અરે ! અમને અમારા નાથના દર્શન થવામાં જેમનો પરમ ઉપકાર છે એવા ત્રણલોકના નાથ પણ હવે મને મારાપણે ભાસતા નથી. આહાહા ! જેને અંતરનો નાથ જાગ્યો છે એ શું કહે છે ? -કે હવે મને એ પરદ્રવ્યો ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને, ફરીને મને મોહ ઉત્પન્ન કરે-એમ ભાસતું નથી. કારણ કે ચૈતન્યના નિજરસથી જ મોહને મૂળથી ઉખેડીને ફરી તે મોહનો અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ અમને પ્રગટ થયો છે. આહાહા ! પંચમકાળનો શ્રોતા કે જેને આવા ગુરુ ને વાણી મળ્યા છે તે એમ કહે છે અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો એ ત્રણ કાળમાં ફરે તેમ નથી. આહાહા ! આવી વાણી કાને પડી ને અંદરમાં તળને જોયું-જાણ્યું-અનુભવ્યું ને મોહનો નાશ કર્યો એ શ્રોતા અપ્રતિહતભાવે ઊપડયો છે. હવે અમે પાછા નહિ પડીએ-એમ સમજીને પંચમકાળનો શ્રોતા આમ કહે છે. આહાહા ! શું ગાથા ! ટીકા ! ને એ ભાવોને સમજનાર શ્રોતાનો પડકાર !

–પૂજ્ય ગુરુદેવશ્રી, રાત્રિચર્ચામાંથી



વડોદરામાં સ્વાગત-યાત્રા વખતે ન્યાયમંદિર પાસે
સુશોભિત જીપમાં પૂજ્ય ગુરુદેવશ્રી

# * આવડતના અભિમાનને રસ્તે ચઢીશ નહિ *

ભાઈ ! તું ચેતીને રહેજે. મને આવડત છે-એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહિ. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહિ. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ, માથે ટોકનાર ગુરુ જોઈએ. આવડતના અભિમાનથી દુનિયાને રાજી કરે ત્યારે દુનિયા એને મોટો કહે, મોટો માને, એથી એ પોતે પણ પોતાને મોટો માની અભિમાન સેવે, પણ જો માથે ગુરુ હોય તો એ અભિમાન થતાં ટોકીને પાછો વાળે છે. એક તો પોતાની લગામ જોઈએ એટલે કે બહારની આવડત એ મારી ચીજ નથી એમ સમજે-વિચારે ને એનાથી પાછો વળવા પ્રયત્ન કરે અને બીજી ગુરુની લગામ જોઈએ એટલે કે ગુરુ પણ એ આવડત આદિના અભિમાનથી ટોકીને-રોકીને પાછો વાળે. પ્રભુ ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી-બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મ સન્મુખ જ વળવા જેવું છે.

-પૂજ્ય ગુરુદેવશ્રી

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૧૪




વીર
સંવત
૨૫૦૫
A. D. 1979
JAN.

# નિજાત્મધામમાં નિવાસ કરતાં મુનિરાજ

અહો! મુનિરાજ તો નિજાત્મધામમાં નિવાસ કરે છે. તેમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

વીતરાગતા થવાથી તેમને જ્ઞાનની અગાધ અદ્ભૂત શક્તિ પ્રગટ થાય છે. જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂલ ઉપયોગ છૂટી એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે. તે જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને બધેય પહોંચી વળે છે-લોકાલોકને જાણી લે છે, ભૂત-વર્તમાન-ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડયા વિના એક સમયમાં વર્તમાનવત્ જાણે છે, સ્વપદાર્થ તેમ જ અનંત પરપદાર્થોની ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે.-આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને વીતરાગ મુનિરાજ પ્રાપ્ત કરે છે.

કેવળજ્ઞાન પ્રગટતા, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે તેમ, દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે. કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિના જ્ઞાન-આનંદાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોમાં સાદિ-અનંત કેલિ કરે છે; નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા, તેમાંથી કદી બહાર આવતા જ નથી. ૩૩૦.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહો! મુનિરાજ તો નિજાત્મધામમાં વસે છે, નિજાત્મામાં ઊગ્ર વસવાટ છે. આનંદની

પ્રચુર સ્વસંવેદન દશા છે. આનંદધામમાં વિશેષ વિશેષ લીનતા થતાં–એકાગ્ર થતાં, ચૈતન્ય ભગવાનમાં નિવાસ કરતાં કરતાં, તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે. અંદર ચૈતન્યધામ મહાપ્રભુ પ્રગટ વ્યક્ત છે, તેમાં મુનિઓનો નિવાસ છે. શરીરમાં નિવાસ નથી પણ અશરીરીધામમાં નિવાસ છે, તેમાં એકાગ્ર થતાં થતાં વીતરાગતાને પ્રાપ્ત કરે છે. પંચ મહાવ્રતાદિ પાળતાં પાળતાં નહીં પણ આનંદધામમાં વિશેષ વિશેષ એકાગ્રતા કરતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે. વીતરાગ જિનબિંબ સ્વભાવમાં નિવાસ કરતાં કરતાં, એકાગ્રતા કરતાં કરતાં પર્યાયમાં પૂરણ વીતરાગતા થઈ જાય છે. મુનિદશામાં વીતરાગતા તો હતી કેમ કે સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે ને સમ્યગ્જ્ઞાન પણ વીતરાગી પર્યાય છે. પરંતુ આનંદના ધામમાં વિશેષ લીનતા કરતાં પર્યાયમાં પૂરણ વીતરાગતા પ્રાપ્ત થાય છે.

વીતરાગતા થવાથી તેમને જ્ઞાનની અગાધ અદ્ભુત દશા–કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહીં વીતરાગતાને કેવળજ્ઞાનનું સાધન બતાવવું છે ને! બાકી તો ત્રિકાળીના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. બીજી રીતે કહીયે તો વીતરાગતા થયા પછીના પગલે કેવળજ્ઞાન થાય છે. તેથી વીતરાગતા થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. વીતરાગતા સાધન છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. પરંતુ વીતરાગતાને સાધન કહેવું હોય ત્યારે શું કહેવાય! મોક્ષનું કારણ મોક્ષમાર્ગ કહેવાય તેમ અહીં વીતરાગતા થવાથી કેવળજ્ઞાન પ્રગટે છે તેમ કહ્યું.

કેવળજ્ઞાન પહેલાં જ્ઞાનનો સ્થૂળ ઉપયોગ હતો, અસંખ્ય સમયનો સ્થૂળ ઉપયોગ હતો તે કેવળજ્ઞાન થતાં એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે. નીચલા ગુણસ્થાનમાં જોકે ઉપયોગ તો એક સમયનો જ હતો પણ ખ્યાલમાં અસંખ્ય સમયે આવે છે તેથી તે અસંખ્ય સમયનો સ્થૂળ ઉપયોગ છે. કેવળજ્ઞાન થતાં અસંખ્ય પ્રદેશી આત્મામાં રહીને એક સમયનો તે જ્ઞાનનો ઉપયોગ બધે પહોંચી વળે છે–ત્રણકાળ ત્રણલોકને તે જાણી લે છે. પોતાના ક્ષેત્રમાં રહીને તે જ્ઞાન બધાને જાણી લે છે અને તે જ્ઞાનને કેવળજ્ઞાન કહે છે.

જ્ઞાનસ્વભાવની પૂરણ પર્યાય પ્રગટ થઈ, તે પર્યાય પોતામાં રહીને ત્રણકાળ ત્રણલોકને જાણી લે છે. આહાહા! જુઓ, આ પરમેશ્વરની પર્યાયની તાકાત! પ્રભુ તું પોતે જ સર્વજ્ઞ સ્વભાવી છો, તેનો આશ્રય કરીને, પૂરણ આશ્રય કરતાં પર્યાયમાં સર્વજ્ઞ પર્યાયની શક્તિમાંથી વ્યક્તિ થાય છે કે જે પોતામાં રહીને બધે જ પહોંચી વળે છે –લોકાલોકને જાણી લે છે. પોતાના સ્થાનમાં રહીને બીજા સમસ્ત સ્થાનોને–લોકાલોકને જાણી લે છે. જેમ કોઈ એક મકાનમાં ઊભો રહીને બીજા અનેક મકાન આદિને જાણી લે છે તેમ કેવળજ્ઞાન થતાં એક સમયનો જ્ઞાનનો ઉપયોગ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહીને સમસ્ત લોકાલોકને જાણી લે છે.

એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય ભૂત–વર્તમાન–ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડયા વિના એટલે કે પહેલાં ભૂતકાળને પછી વર્તમાનને ને પછી ભવિષ્યને એમ ક્રમ પડયા

વિના ત્રણ લોકના ભૂત–વર્તમાન–ભાવી સર્વ પર્યાયોને એક સમયમાં વર્તમાનવત્ જાણે છે. ભવિષ્યની પર્યાયને કેવળજ્ઞાન વર્તમાનવત્ જાણી લે છે. જુઓ આ કેવળજ્ઞાન! વીતરાગ પર્યાયનું ફળ!

સ્વ પદાર્થ જે ભગવાન આત્મા, તેની ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય, તેને કેવળજ્ઞાન વર્તમાનવત્ જાણી લે છે. ભવિષ્યમાં જે કેવળજ્ઞાન...કેવળજ્ઞાન... કેવળદર્શન...કેવળદર્શન રહેશે તેને વર્તમાનવત્ જાણી લે છે. પોતાની પણ ભૂત–ભાવીની પર્યાયને કેવળજ્ઞાનની એક સમયની પર્યાય વર્તમાનવત્ જાણી લે છે. ભવિષ્યમાં કેવળજ્ઞાનની આ છેલ્લી પર્યાય એવો અંત નથી એવી અનંતી ભવિષ્ય પર્યાયને કેવળજ્ઞાનમાં વર્તમાનવત્ જાણી લે છે. આહાહા! જૈનદર્શન તો જુઓ! જૈનદર્શન એ સ્વભાવને બતાવનારું દર્શન છે.

કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યાં એ પર્યાય ભવિષ્યની અંત રહિત કેવળજ્ઞાનની પર્યાયને વર્તમાનવત્ જાણી લે છે. તેમ જ અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, તેની ત્રણ કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદો છે. પોતાના ને બીજા અરિહંત ને સિદ્ધ પરમાત્માના કેવળજ્ઞાનના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને પ્રત્યક્ષ જાણે છે અને તે પણ પરના અવલંબન વિના, પોતાના ક્ષેત્રમાં રહીને, એક સમયની મર્યાદામાં રહીને જાણે છે.

દ્રવ્યના સામર્થ્યની તો શું વાત કરવી! તેના ગુણની તો શું વાત કરવી! પણ એક કેવળજ્ઞાનની પર્યાયની તાકાતનું પણ શું કહેવું! અનંતા નિગોદના જીવો પડયા છે તેમાંથી અનંતકાળમાં જે અનંતા જીવો સિદ્ધો થશે, તેના કેવળજ્ઞાનની અનંતી પર્યાયો થશે, તેના અનંતા અવિભાગ પ્રતિચ્છેદોને કેવળજ્ઞાન એક સમયમાં વર્તમાનવત્ જાણી લે છે.–આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને મુનિરાજ પ્રાપ્ત કરે છે.

જેમ હજાર પાંખડીથી કમલ ખીલી નીકળે છે, તેમ કેવળજ્ઞાન થતાં અનંતા ગુણો ખીલી નીકળે છે, દિવ્યશક્તિનો ભંડાર, અચિંત્ય શક્તિવાન, દૈવી શક્તિવાળો ભગવાન આત્મા પોતે ચૈતન્યદેવ છે, તે કેવળજ્ઞાન થતાં અનંત ગુણોની અનંતી પાંખડીઓથી ખીલી ઊઠે છે. કેવળજ્ઞાની ભગવાન તેની જ્ઞાન–આનંદ આદિ અનંત શક્તિઓની પૂરણ પર્યાયોમાં સાદિ–અનંતકાળ પર્યંત કેલિ કરે છે. જ્યારથી કેવળજ્ઞાન પ્રગટયું ત્યારથી અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન રહેવાનું છે. સિદ્ધો શું કરે છે?–કે સાદિ–અનંત અનંતકાળ સમાધિસુખમાં કેલિ કરે છે. કેવળજ્ઞાની પરમાત્મા તો સ્વયં જ્યોતિ સુખધામ એવો જે નિજધામ પ્રભુ છે તેમાં શાશ્વતપણે બિરાજી ગયા છે ને તેમાંથી કદી બહાર આવતાં જ નથી; તેને પરમાત્મપદ કહીયે અને તેનો ઉપાય સ્વદ્રવ્યનું અવલંબન લેવું તે છે. ❄ ❄ ❄

# જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક આત્માને જાણ

શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? ત્યારે, નગરનું વર્ણન કરવા છતાં રાજાનું વર્ણન થતું નથી-એ દૃષ્ટાંત દ્વારા આચાર્ય મહારાજ શિષ્યના પ્રશ્નનું સમાધાન કરાવે છે. ત્યારે જિજ્ઞાસુ શિષ્ય આચાર્ય મહારાજને ફરીથી પ્રશ્ન કરે છે કે જો શરીરના સ્તવનથી નિશ્ચયસ્તુતિ થતી નથી તો નિશ્ચયસ્તુતિ કોને કહેવાય? તેના ઉત્તરરૂપે આચાર્ય મહારાજ નિશ્ચયસ્તુતિના ત્રણ પ્રકારમાંથી પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષના પરિહારરૂપ નિશ્ચયસ્તુતિ અહીં કહે છે.

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને તે સિવાય બધુંય પરજ્ઞેય છે. શરીરપરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય, જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે એવી ભાવેન્દ્રિય તથા ભાવેન્દ્રિય દ્વારા ગ્રહવામાં આવતાં ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો એ પરજ્ઞેય છે ને જ્ઞાયક ભગવાન આત્મા તેનાથી ભિન્ન બિરાજી રહ્યો છે. તોપણ અનાદિથી અજ્ઞાનીને સ્વ-પરનું ભેદવિજ્ઞાન અસ્ત હોવાથી, તે પરજ્ઞેયોમાં એકત્વપણું માની રહ્યો છે. પરંતુ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયભૂત પદાર્થો-એ ત્રણેરૂપ પરજ્ઞેયોને, નિર્મળ ભેદ-વિજ્ઞાનની પ્રવીણતા વડે અંતરંગમાં પ્રગટ બિરાજમાન અખંડ એક ચૈતન્યશક્તિ વડે સર્વથા જુદા અનુભવવાથી જ્ઞેય-જ્ઞાયક-સંકરદોષ દૂર કરી શકાય છે અને તે પ્રથમ પ્રકારની નિશ્ચયસ્તુતિ છે.

[ શ્રી સમયસાર, ગાથા ૩૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી ]

ભગવાન આત્મા જ્ઞાયક છે ને ઇન્દ્રિય આદિ જડ તે જ્ઞેય છે, અંદર ભાવેન્દ્રિય છે તે પણ જ્ઞેય છે પર છે અને દેવ–ગુરુ ને વાણી એ પણ પર જ્ઞેય છે, ઇન્દ્રિય છે. ઇન્દ્રિય

કહો કે પરદ્રવ્ય કહો, ચાહે તો ત્રણલોકના નાથ ભગવાન સમવશરણમાં હો, એ પણ ઇન્દ્રિયનો વિષય છે, ઇન્દ્રિય છે, પર છે. એ બધાં જ્ઞેય છે ને તું જ્ઞાયક છો.

જ્ઞેય તે હું છું એમ જ્ઞેય-જ્ઞાયકનો સંકર-ખીચડો બનાવ્યો છે. જ્ઞેય ને જ્ઞાયકની એકતાપણાની બુદ્ધિ, સંયોગબુદ્ધિ, સંકરબુદ્ધિ એ મિથ્યાત્વ છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ને એ સિવાય દ્રવ્ય-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય અને ભગવાન ને ભગવાનની વાણી આદિ ઇન્દ્રિય વિષયો પરજ્ઞેય છે. પોતાના જ્ઞાયક અણ-ઇન્દ્રિય સ્વભાવ સિવાયના પરને ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. બીજી રીતે ભગવાન આત્મા સિવાય પર સર્વે અજીવ છે. આ જ્ઞાયક જીવની અપેક્ષાએ તે અજીવ છે. આ જીવ નથી એ અપેક્ષાએ અજીવ છે. એ બેની એકતાના દોષનું નિરાકરણ કરીને અહીં તીર્થંકર કેવળીની નિશ્ચયસ્તુતિ કહે છે. એટલે ? ભગવાન આત્માની સન્મુખ થઈને તેમાં એકાગ્રતા કરવી એ તીર્થંકર કેવળીની નિશ્ચયસ્તુતિ છે. તીર્થંકર કેવળીની અર્થાત્ આત્માની નિશ્ચયસ્તુતિ કહે છે.

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

જે ઇન્દ્રિયોને, ઇન્દ્રિયોને એટલે ? દ્રવ્ય-ઇન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય અને તેનો વિષય, તેને જીતીને એટલે કે તેનાથી ભેદ કરીને, જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક-જુદો પોતાના પરિપૂર્ણ ભગવાનને જાણે છે, માને છે ને વેદે છે તેને જિનેન્દ્રિય કહે છે. નિશ્ચયમાં સ્થિત સંતો, જે કોઈ જીવ જ્ઞેયોથી ભિન્ન પોતાના આત્માને અધિક જાણે છે, માને છે તેને જિતેન્દ્રિય કહે છે.

હવે ટીકા દ્વારા મૂળ પાઠનો ભાવસ્પષ્ટ કરે છેઃ-

અનાદિ અમર્યાદિત કાળમાં બંધપર્યાયને વશ એટલે કે રાગાદિ પરને વશ કે જેમાં સ્વ ને પરની ભિન્નતા અસ્ત પામી છે અર્થાત્ સ્વ ને પરની એકતા પ્રગટ થઈ છે. દેવ પણ મારા છે, ગુરુ પણ મારા છે એમ એકતા થઈ ગઈ છે. દેવ-ગુરુ અને પરમાગમ એ પર વસ્તુ છે પણ રાગાદિને વશ થયેલાને બેની ભિન્નતા રહી નથી, એકતા થઈ ગઈ છે. સ્વ જ્ઞાયક ને પર રાગાદિ એમ સ્વ-પરનો વિભાગ અસ્ત પામ્યો છે, એકતા એટલી થઈ ગઈ છે કે તેને ભેદ દેખાતો નથી.

## * દ્રવ્યેન્દ્રિયનું જીતવું કેમ થાય ? *

દ્રવ્યેન્દ્રિય શરીરના પરિણામને પ્રાપ્ત છે. શરીરપરિણામને પ્રાપ્ત જડેન્દ્રિય છે. જડેન્દ્રિય એ શરીરની પર્યાય છે, આત્માની પર્યાય નથી. તેમને એટલે કે શરીરપરિણામરૂપ જે

દ્રવ્યેન્દ્રિય તેને તો નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવિણતાથી જુદા કરી શકાય છે. નિર્મળ શબ્દ કેમ વાપર્યો ?–કે પરનું લક્ષ છોડીને અંતરના લક્ષમાં જાય એવો નિર્મળ ભેદ–અભ્યાસ, શાસ્ત્ર અભ્યાસ કે ધારણા નહીં. પણ નિર્મળ ભેદ–અભ્યાસ, તેની પ્રવિણતા વડે પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ વ્યક્ત અતિસૂક્ષ્મ ભગવાન આત્મા–ચૈતન્ય જ્ઞાયક આનંદરસ ધ્રુવધામ આત્મા તેના અવલંબનના બળ વડે દ્રવ્યેન્દ્રિયને સર્વથા જુદા કરી શકાય છે. દ્રવ્યેન્દ્રિયને જુદા કરવાની આ વિધિ છે. આ રીતે દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થાય છે.

શરીર સાથે એકપણું એ તો મિથ્યાત્વ છે જ પણ ક્ષયોપશમ રૂપ જે ભાવઇન્દ્રિય તેની સાથે એકપણું એ પણ મિથ્યાત્વ છે. એક એક વિષયને જાણતી ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય પર છે તથા ઇન્દ્રિયનો વિષય જે સ્ત્રી–પુત્ર, દેવ–શાસ્ત્ર આદિ તે પણ ઇન્દ્રિય છે. એ ત્રણે ઇન્દ્રિયનું જીતવું કેવી રીતે થાય તેની આ વાત ચાલે છે. ત્રણેનું જીતવું એકસાથે થાય છે પણ કહેવામાં ક્રમથી કહે છે.

## * ભાવેન્દ્રિયનું જીતવું કેમ થાય ? *

જે એક એક વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે અર્થાત્ જે ખંડખંડ જ્ઞાનને બતાવે છે તે ભાવેન્દ્રિય છે, તે પોતાનું સ્વરૂપ નથી. ખંડખંડ જ્ઞાન છે એ પરજ્ઞેય છે, એ પોતાનું સ્વજ્ઞેય નથી. ભાવેન્દ્રિય પણ જ્ઞાયકભાવથી ભિન્ન ચીજ છે. ભાવેન્દ્રિય ખંડખંડ જ્ઞાન બતાવે છે, એ પરજ્ઞેય છે. પોતાના જ્ઞાયકથી ભિન્ન છે. ખંડખંડ જ્ઞાન જણાવે છે એવી ભાવેન્દ્રિયોનો સંયોગ સંબંધ છે, સ્વભાવસંબંધ નથી.

શરીર તો એકબાજુ રહી ગયું પણ ખંડખંડ જ્ઞાન જે પર્યાયમાં હોય છે એ પણ જ્ઞાયકનું પરજ્ઞેય છે. તે ભાવેન્દ્રિયને કેવી રીતે જીતવામાં આવી કહેવાય ? કે પ્રતીતિમાં આવતી અખંડ એક ચૈતન્યશક્તિ, ત્રિકાળી જ્ઞાયકશક્તિ, ધ્રુવશક્તિ તેના વડે જે ભિન્ન છે તેને સર્વથા પોતાથી ભિન્ન કરવાથી ભાવેન્દ્રિયનું જીતવું થાય છે. રાગ ને પુણ્ય–પાપના વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ પણ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમનો અંશ પ્રગટ છે એ ભાવેન્દ્રિયને પ્રતીતિમાં આવતાં અખંડ એક જ્ઞાયકપણા વડે સર્વથા ભિન્ન જાણો–એનું નામ ભેદવિજ્ઞાન છે.

આહાહા ! પોતાની જ્ઞાનની પર્યાય પણ જ્ઞાયકને પરજ્ઞેય છે. ભાવેન્દ્રિય છે–એમ સિદ્ધ કરે છે, વ્યવહારનયનો વિષય છે એમ સિદ્ધ કરે છે, પણ વિશ્વાસમાં આવનાર, ભરોંસામાં આવનાર જ્ઞાયકથી તે ભિન્ન છે. વ્રત–તપ આદિના વિકલ્પ આત્મા નહીં ને આત્મામાં તે નહીં પણ અહીં તો કહે છે કે ખંડખંડ જ્ઞાનની પર્યાય કે જે પોતાની છે તે પણ જ્ઞાયકથી સર્વથા ભિન્ન છે. ક્ષયોપશમનો અંશ જે ખંડખંડ જ્ઞાન, પ્રભુ ! એ તારી ચીજ

નહીં. ત્યારે તું કોણ છો?–કે અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવ તું છો. એના દ્વારા ભાવેન્દ્રિયને તું સર્વથા ભિન્ન જાણ. ત્રણલોકનો નાથ પ્રભુ તું છો, એના અવલંબન દ્વારા ભાવેન્દ્રિયને પોતાથી સર્વથા ભિન્ન જાણ.

ચૈતન્યજ્યોતિ દેહદેવાલયમાં બિરાજમાન છે, એ શરીરથી તો ભિન્ન છે, રાગથી તો ભિન્ન છે પણ ખંડખંડ જ્ઞાનથી પણ સર્વથા ભિન્ન છે. એક સમયની ખંડખંડ દશાને પ્રતીતિમાં આવનારા એક અખંડ ચૈતન્યસ્વભાવ દ્વારા ભિન્ન જાણવી એ ભાવેન્દ્રિયનું જીતવું–સમ્યગ્દર્શન થયું.

## * ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું કેમ થાય? *

ગ્રાહ્ય એટલે કે ગ્રહવા લાયક એટલે કે જાણવા લાયક અને ગ્રાહક એટલે જાણનારો એવા ગ્રાહ્યગ્રાહક સંબંધની નિકટતાને લીધે જે પરજ્ઞેયો જાણવામાં આવ્યા એ હું છું, દેવ–ગુરુથી મને લાભ થશે એ બધી ભ્રમણા છે. શાસ્ત્ર કાને પડયા તેથી મારી પર્યાયમાં જ્ઞાન થયું એ માન્યતા મિથ્યાત્વ છે. ભગવાનની વાણી ગ્રાહ્ય છે, પરજ્ઞેય તરીકે જાણવા લાયક છે. ભગવાન પણ પરજ્ઞેય તરીકે જાણવા લાયક છે. તેને બદલે ગ્રાહ્ય–ગ્રાહક સંબંધની નીકટતાને લીધે તેનાથી મને લાભ થાય છે એમ માને છે તે ભ્રમ છે.

ગ્રાહ્ય–ગ્રાહક સંબંધની નિકટતાને લીધે અજ્ઞાનીને પરજ્ઞેય સાથે એકતા ભાસે છે કે શાસ્ત્ર વાંચ્યું માટે મને જ્ઞાન થયું, શાસ્ત્ર સાંભળવાથી મને જ્ઞાન થયું. તેથી કહે છે કે જ્ઞેયથી મને જ્ઞાન થયું એવી ભ્રમણા છોડી દે. વાણીથી મને જ્ઞાન થાય એ ભ્રમણા છોડી દે. જ્ઞાનના ક્ષયોપશમ દ્વારા–ભાવેન્દ્રિય દ્વારા ગ્રાહ્યમાં આવતાં ઇન્દ્રિયોના વિષયોને, ભાવેન્દ્રિય કે નિમિત્તની અપેક્ષા વિના પોતાના ચૈતન્યસ્વભાવનું સ્વયમેવ અનુભવમાં આવતું જ્ઞેયોના સંબંધ વિનાનું જે અસંગપણું, તેના વડે સર્વથા જુદા કરીને ઇન્દ્રિયના વિષયોનું જીતવું થાય છે.

ચૈતન્યસ્વભાવ અસંગી છે કે જેને એક સમયની પર્યાયનો પણ સંગ નથી ને દેવ–શાસ્ત્ર–ગુરુનો પણ સંગ નથી. એ અસંગી પ્રભુના આશ્રય દ્વારા પોતાથી સર્વથા જુદા કરવાથી ઇન્દ્રિય–વિષયોનું જીતવું થયું.

આ રીતે આ જડ–પર્યાયરૂપ દ્રવ્યેન્દ્રિય, ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય અને પાંચ ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થ–ત્રણેને જ્ઞાયકના અવલંબન વડે ભિન્ન કરવા એ ઇન્દ્રિયનું જીતવું કહેવાય છે. ત્રણેનું લક્ષ છોડીને પોતાના આત્મામાં એકાગ્રતા કરવી એ નિશ્ચય–સ્તુતિ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપમાં દ્રવ્ય–ભાવ–ઇન્દ્રિય ને તેનો વિષય–ત્રણે પરજ્ઞેય છે.

એક જ્ઞાયક સિવાય બધું પરજ્ઞેય છે. શરીર–પર્યાયને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય છે તે પરજ્ઞેય છે, ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાનરૂપ જણાય છે તે પણ જ્ઞાયકની અપેક્ષાએ પરજ્ઞેય છે. એ રીતે ત્રણેની એકતાનો જે સંકર દોષ આવતો હતો તે, સ્વજ્ઞેયને પકડીને, પરજ્ઞેયને ભિન્ન કરીને, દૂર કર્યો. આ દોષ જેણે નાશ કર્યો એણે આત્માની સાચી સ્તુતિ કરી.

દ્રવ્યેન્દ્રિય ને ભાવેન્દ્રિયની પ્રશંસા કે ભગવાનની સ્તુતિ એ ઇન્દ્રિયની પ્રશંસા હતી. જ્ઞાયકના અવલંબને એ પરજ્ઞેયોથી ભિન્નતા કરી ત્યારે આત્માની પ્રશંસા કરી એ નિશ્ચયસ્તુતિ થઈ. અસંગી ભગવાનને પરનો સંગ માનવો એ જ્ઞેયજ્ઞાયકસંકર નામનો દોષ છે. અસંગી જ્ઞાયકના આશ્રયે પર સાથેની એકતા તોડતા એ દોષ નાશ થયો. એને કેવળજ્ઞાનીની નિશ્ચયસ્તુતિ કહો કે કેવળજ્ઞાનસ્વરૂપની નિશ્ચયસ્તુતિ કહો.

જ્ઞેયજ્ઞાયકસંકર દોષ એટલે કે એકત્વ નામનો દોષ આવતો હતો તે દોષ પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુના અવલંબે દૂર કરીને ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વરૂપી પોતાના આત્માને અનુભવે છે તે જિતેન્દ્રિય જિન છે. અન્ય દ્રવ્યોમાં નથી એવું અદ્‌ભુત વિસ્મયકારી તત્ત્વ કે જે જ્ઞાન–પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ છે તે જ્ઞાનસ્વભાવ વડે અન્ય સમસ્ત પરદ્રવ્યોથી અધિક–ભિન્ન છે. ત્રણલોકના નાથ તીર્થંકર કેવળી ભગવાનથી પણ તારો આત્મા અધિક–જુદો છે.

કેવળી એમ કહે છે કે અમે તારાથી ભિન્ન છીએ. એવી ભિન્ન તારી ચીજની સ્તુતિ કરે તે કેવળીની વાસ્તવિક સ્તુતિ છે. અમારી સામે જોઈને અમારી સ્તુતિ કરે એ રાગ છે, એ આત્મા નહીં. ધર્મીને રાગ આવે છે પણ એ બંધનનું કારણ છે. જ્યાં સુધી પર્યાયમાં સર્વજ્ઞ વીતરાગતા ન હો ત્યાં સુધી સાધકને પૂર્ણ એકાગ્રતા ન હોવાથી ભગવાનની સ્તુતિ આદિનો ભાવ આવે છે પણ એ ભાવ પુણ્યબંધનું કારણ છે.

આત્માના જ્ઞાનસ્વભાવ દ્વારા દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા વિષયોથી અધિક–ભિન્ન જુદો પોતાના આત્માને અનુભવે તે જિતેન્દ્રિય જિન છે. કેવો છે જ્ઞાનસ્વભાવ ? કેવો છે ભગવાન ચૈતન્યહીરલો ?–કે વિશ્વની ઉપર તરતો છે–એટલે કે રાગ ને સ્ત્રી, કુટુંબ આદિ સમસ્ત પદાર્થને જાણે પણ તેમને જાણવા છતાં તે–રૂપ નથી થતો, પણ જાણનારમાં રહે છે, પરરૂપે થતો નથી. અગ્નિને જ્ઞાન જાણે છતાં અગ્નિરૂપે થતો નથી પણ અગ્નિ સંબંધી જ્ઞાન પોતામાં થાય છે. તેમ જ્ઞાનસ્વરૂપ પ્રભુ પોતામાં રહીને પરને જાણે પણ પરરૂપ થતો નથી. પોતામાં રહીને જાણે છે એવો જ્ઞાનસ્વભાવ પ્રત્યક્ષ ઉદ્યોતરૂપ સદા પ્રકાશમાન છે એટલે કે જેને જાણવામાં રાગ કે નિમિત્તની અપેક્ષા નથી પણ સીધો મતિ–શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ સમ્યગ્દર્શન–જ્ઞાનમાં જણાય છે. સદા અંતરંગમા ઝળહળ જ્યોતિ પ્રકાશમાન અવિનશ્વર, સ્વતઃ સિદ્ધ તથા પરમાર્થસત્ પરમ પદાર્થ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. તેના અવલંબને ઇન્દ્રિયોનું જીતવું થાય તેને સંતો જિતેન્દ્રિય કહે છે. ❈ ❈ ❈

# ચૈતન્યનો મહિમા લાવ ને સંસારનો મહિમા છોડ

**એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ ચૈતન્યની મહિમા ને સંસારની મહિમા એટલે કે દયા–દાન આદિની મહિમા સાથે ન રહી શકે. જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દ્રષ્ટિ કહે છે અને તેને દયા–દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા–દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહારરત્નત્રયના શુભરાગની, દેવ–શાસ્ત્ર–ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી.

જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈ પણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા છે તેને ચૈતન્યની મહિમા આવતી નથી, તેને સમ્યગ્દર્શન થતું નથી. ભગવાન પૂર્ણાનંદ આનંદકંદ પ્રભુ છે કે જેનો વિકલ્પથી પત્તો ન લાગે ને એક સમયની પર્યાય જેની સન્મુખ થાય તો પત્તો લાગે એવી વસ્તુનો જેને મહિમા છે તેને પરની મહિમા રહેતી નથી. આત્મામાં એક ભાવભાવ નામનો ગુણ પડયો છે તેથી જેને જ્ઞાયકની મહિમા આવી, દ્રષ્ટિ થઈ તેને પર્યાયમાં આનંદભાવ આવે છે.

જેને ઇન્દ્રાણીની સુન્દરતાનો મહિમા આવે છે તેને અતીન્દ્રિય આનંદનો ઇન્દ્ર પ્રભુ

પોતે છે તેની મહિમા આવતી નથી. સ્ત્રી–પુત્ર–પૈસા આદિની મહિમા આવે છે તેને પરમબ્રહ્મ પરમાત્મપ્રભુ પોતે છે તેની મહિમા આવતી નથી. જેને આત્મા પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદ દ્રષ્ટિમાં આવ્યો છે તેને સમવશરણ જેવી ઋદ્ધિની મહિમા ઊડી ગઈ છે. બીજી રીતે કહીયે તો જેને આત્માની દ્રષ્ટિ થઈ તેને રાગની ને રાગના ફળની રુચિ ઊડી ગઈ છે. જેને રાગની મહિમા અંદર આવે છે તેને વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માનો મહિમા નથી. કેમ કે જેમ એક મ્યાનમાં બે તલવાર સાથે ન રહી શકે તેમ બે વિરુધ્ધ ભાવનો મહિમા સાથે ન રહી શકે.

કેટલાક જીવો સ્મશાન વૈરાગ્યથી–ક્ષણિક વૈરાગ્યથી પોતાને અધિક માને છે પણ તેનાથી ચૈતન્યની સમીપતા થતી નથી. ક્ષણિક કૃત્રિમ વૈરાગ્ય કરનારા જીવને ભગવાનની સમીપતા ન થાય પણ જેને રાગનો પ્રેમ છૂટી ગયો છે ને રાગની ભિન્નતા કરી છે તેને ભગવાનની સમીપતા થાય છે. ભગવાનને ભૂલીને આ જીવે ભવભ્રમણના ભાવની મહિમા કરીને ભવભ્રમણ કર્યા છે.

અંદર આનંદસ્વરૂપ ભગવાનની જેને મહિમા છે નહીં ને કૃત્રિમ વૈરાગ્ય કર્યો, નગ્ન દિગમ્બર દ્રવ્યલિંગી સાધુ પણ અનંતવાર થયો છતાં તે ચૈતન્યની સમીપ જઈ શકતો નથી. પણ ચૈતન્યની મહિમા આવે તેને વિભાવની મહિમા છૂટી જાય. ચૈતન્યની મહિમા આગળ તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય તે ભાવની પણ મહિમા છૂટી જાય. કેમ કે એ તો વિષકુંભ છે ને ભગવાન આત્મા તો અમૃતકુંભ છે, તેની જેટલી જેટલી એકાગ્રતા કરે એટલો આનંદ–અમૃત ઝરે.

ભગવાન આત્મા જ્ઞાન–આનંદનો ચૈતન્ય ચમકતો હીરો છે, તેની મહિમા આવતાં, તેની અપૂર્વતા લાગતાં સંસારની મહિમા છૂટી જાય છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેને આવ્યો છે તેને ચક્રવર્તી પદની મહિમા પણ છૂટી જાય. ચૈતન્યની મહિમા આવતાં, તેની અપૂર્વતા લાગતાં વિભાવની મહિમા છૂટી જાય ને ચૈતન્યની સમીપ જાય છે. અનંત રત્નો જેમાં પડયા છે એવા ચૈતન્યહીરાની મહિમા આવતાં બહારની બધી મહિમા છૂટી જાય એવી અપૂર્વ ચીજ પ્રભુ છે. ચૈતન્ય તો કાંઈ અપૂર્વ વસ્તુ છે, જો જન્મ–મરણથી છૂટવું હોય તો તેની ઓળખાણ કરવી જોઈએ, મહિમા કરવી જોઈએ.

અનુપમ, અનુપમ વસ્તુ પ્રભુ પોતે છે કે તેના જેવી બીજી કોઈ વસ્તુ જગતમાં નથી. છતાં ઉપમા આપવી હોય તો સિદ્ધ સદ્રશ વસ્તુ કહેવાય. એવી અપૂર્વ વસ્તુની ઓળખાણ કરવી. વસ્તુની અલૌકિકતાની મહિમા આવે તો વસ્તુની ઓળખાણ થાય –અનુભવ થાય.

# દ્રષ્ટિના દોરથી વધતી સાધક દશા

**દ્રષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન-થાય. એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની-દ્રવ્યની હોય છે. ૧૯૧.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

દ્રષ્ટિનો દોર હાથમાં રાખ. ધર્મ કેમ થાય?–કે ત્રિકાળી જ્ઞાયકભાવને જ્ઞાનમાં ગ્રહણ કરવાથી ધર્મ થાય છે. ધ્રુવ એકરૂપ ત્રિકાળી ચીજ તે સામાન્ય છે, એ સામાન્યને પર્યાયમાં ગ્રહણ કર. પર્યાયમાં નિમિત્ત, રાગ કે પર્યાય ગ્રહણ કરવા નહીં પણ સામાન્યને પર્યાયમાં ગ્રહણ કર.

એક સમયમાં પૂર્ણાનંદનો નાથ કે જેમાં રાગ કે પર્યાય નથી તેને ગ્રહણ કર. પછી ભલે ગમે તે જાણે, પણ પહેલે દરજ્જે ત્રિકાળી જ્ઞાયકભાવને પકડ કે જેમાં અનંત અનંત અમર્યાદિત શક્તિ ભરી પડી છે. સામાન્ય એકરૂપ નિર્વિકલ્પ ધ્રુવ સદ્રશ સ્વભાવ પ્રભુ ઉપર દ્રષ્ટિનો દોર લગાવી દે. પછી રાગાદિ આવે છે તેને સ્વ–પર પ્રકાશક જ્ઞાનમાં ભલે જાણ.

સ્વરૂપ જે એકરૂપ ચૈતન્ય સામાન્ય તેના ઉપર દ્રષ્ટિ દેવાથી તને સમ્યગ્દર્શન થશે, સુખની પ્રાપ્તિ થશે. પછી જે રાગાદિ થાય તેને, સ્વને જાણતા પરને ભલે જાણે. ભગવાન ધ્રુવ વિજ્ઞાનઘન અંદર પડયો છે, દ્રષ્ટિમાં તેનો સ્વીકાર કરવો. એમ કરતાં કરતાં અંદરમાં વિશેષ લીનતા થાય છે ને સાધકદશા વધતી જાય છે. વ્યવહારરત્નત્રયનો રાગ વચ્ચે આવે છે પણ તેને તો જાણનારો આત્મા છે, કર્તા નથી. કેમ કે ભગવાન આત્મા તો સર્વજ્ઞ સ્વરૂપી આત્મા છે, ત્રણ કાળ ત્રણલોકને જાણે એવો એનો સ્વભાવ છે.

એક સમયની પર્યાયની બાજુમાં પૂર્ણાનંદનો નાથ અવ્યક્ત પ્રભુ પડયો છે કે જે વ્યક્ત–પર્યાયને સ્પર્શતો નથી. સમ્યગ્દર્શનની પર્યાયને અવ્યક્ત પ્રભુ સ્પર્શતો નથી.

ત્રિકાળી જ્ઞાયકભાવનો સ્વીકાર કરનારી પર્યાયને જ્ઞાયકભાવ સ્પર્શતો નથી. એવા દ્રવ્યસ્વભાવના આશ્રયે તેમાં લીનતા કરતાં સાધક દશા વધતી જાય છે.

સામાન્યસ્વરૂપમાં દ્રષ્ટિ છે અને ભૂમિકા પ્રમાણે દેશવ્રત, મહાવ્રત આવે છે. ધ્રુવ ચિદાનંદના આલંબન કાળે શુદ્ધિ વધે છે અને મહાવ્રત આદિનો વિકલ્પ પણ આવે છે, પણ તેને જાણે છે. સામાન્યસ્વરૂપના આલંબને સમ્યગ્દર્શન થયું ને તેમાં લીનતા વધતાં સાધક દશા વધી પણ પૂરણ દશા થઈ નથી, તેથી મહાવ્રતાદિનો વિકલ્પ આવે છે, પરંતુ જેને સમ્યગ્દર્શન થયું નથી તેના વ્રત ને તપ તો બાળવ્રત ને બાળતપ છે.

દ્રષ્ટિનો દોર સ્વરૂપમાં લગાવ્યો છે ને પછી લીનતા કરતાં સાધક દશા વધતી જાય છે ત્યાં ભૂમિકા અનુસાર વ્રત–તપ આદિનો વિકલ્પ આવે છે પણ તેને જાણે છે. વ્રતનો વિકલ્પ આવ્યો પણ મુખ્યતા તો ત્રિકાળી જ્ઞાયકભાવની હોય છે.

## મારા પરમભાવ આગળ....

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ઇન્દ્ર ને ચક્રવર્તીના વૈભવની તો શું વાત! પણ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક નિર્મળ પર્યાય તે પણ, હું દ્રવ્યદ્રષ્ટિના બળે કહું છું કે મારી નથી. પરદ્રવ્યો તો મારા નથી જ, અંદર રાગાદિભાવ થાય તે પણ મારા નથી જ, પણ દ્રવ્યદ્રષ્ટિના જોરથી જે મને નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેની પણ મને કાંઈ વિશેષતા નથી. મારો દ્રવ્યસ્વભાવ તો અગાધ, અગાધ છે, તેની પાસે નિર્મળ પર્યાયની વિશેષતા શું? દયા-દાન-ભક્તિ આદિના શુભ રાગની તો શું વાત! પણ અનંત શક્તિમય અગાધ ચૈતન્યસ્વભાવ પાસે પ્રગટ થયેલ નિર્મળ પર્યાયની પણ વિશેષતા નથી. આવી દ્રવ્યદ્રષ્ટિ ક્યારે પ્રગટ થાય?-કે ચૈતન્યનો અપાર અપાર મહિમા લાવી, નિમિત્તથી, રાગથી, પર્યાયથી બધાથી પાછો વળીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે પ્રગટ થાય. આહાહા! એકલું માખણ છે. જગતના ભાગ્ય છે કે આવી વસ્તુ (- ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તક) ટાણે આવી.

–પૂજ્ય ગુરુદેવ.

# જ્ઞાતાપણાનો અભ્યાસ કર

**જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું' વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ૧૯૮.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હું જાણનાર દેખનાર જ્ઞાતા છું–એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. વિભાવ છે તે મારો સ્વભાવ નથી. હું તો કાયમી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છું. વ્યવહારરત્નત્રયના રાગનો વિકલ્પ એ વિભાવ છે, એ મારો સ્વભાવ નથી.

ભગવાન આત્મા સ્વયં ઊછળીને વિભાવમાં એકમેક થતો નથી. જ્ઞાતાદ્રષ્ટાનો ત્રિકાળી સ્વભાવ ઊછળીને સ્વયં વિભાવમાં એકમેક થતો નથી. પરંતુ અજ્ઞાની જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને છોડીને વિભાવ મારો છે એમ તેમાં એકત્વ કરીને તેનો કર્તા થાય છે. દેહની–જડની ક્રિયાનો કે કર્મના ઉદયનો તો અજ્ઞાનભાવે પણ કર્તા નથી. ફક્ત અજ્ઞાન ભાવે વિભાવનો કર્તા પોતાને માને છે. પરંતુ સ્વભાવભાવ તો વિભાવનો પણ કર્તા નથી. જેને જ્ઞાતાપણાનો રસ છે તે પોતાના સ્વભાવમાં રહીને વિભાવથી પૃથક્ છું એમ માને છે.

દ્રવ્યસ્વભાવ વિભાવરૂપ કદી થતો નથી, પણ વિભાવનો હું કર્તા છું એવી મિથ્યાદ્રષ્ટિની માન્યતા છે. દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ જ રહે છે, રાગની ક્રિયામાં તે આવતો નથી. પરંતુ જ્ઞાતાદ્રષ્ટાનું ભાન ન હોવાથી માત્ર અનાદિની ભ્રમણાને કારણે વાણીનો હું કર્તા છું, પરનો હું કર્તા છું ઉપદેશની ભાષાનો હું કર્તા છું એવી માન્યતા કરે છે.

**કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,**
**જો કરતા નહિ જાને સોઈ, જાને સો કરતા નહીં હોઈ.**

અનાદિની ભ્રમણાથી હું વેપાર આદિ કરું છું તેમ માને છે પણ કરી શકતો નથી. જડની પર્યાય તારા વિના થઈ શકતી નથી એમ પણ નથી. આહાહા! આખી દુનિયા માને કે બધા કાર્ય અમે કરીયે ને ભગવાન કહે એ ક્રિયા તારી નહીં! એ ક્રિયા તારામાં નહીં, તું એનામાં નહીં ને એ ક્રિયાનો તું કર્તા નહીં.

સમ્યગ્દર્શન થયા પછી ચાહે તો રૌદ્રધ્યાન આવો પણ સમ્યગ્દ્રષ્ટિ તેનો જ્ઞાતા રહે છે, કર્તા નથી થતો. પરિણમન અપેક્ષાએ પરિણમે એટલો કર્તા છે પણ કરવા લાયક છે એવી માન્યતારૂપ કર્તા થતો નથી. જડની ક્રિયા જડમાં થાય છે છતાં એ મારાથી થઈ એ માન્યતા અજ્ઞાનીની છે. એ પરમાણુની એ ક્રિયા થવાનો જન્મક્ષણ–ઉત્પત્તિનો કાળ હતો માટે એ ક્રિયા થઈ છે, તારાથી એ ક્રિયા થઈ જ નથી.

શરીરાદિની ક્રિયા કરી શકું છું, પૈસા ગણીને લઈ શકું કે દઈ શકું–એ માન્યતા જ મિથ્યાત્વ છે. રજકણની કે રાગની ક્રિયા આત્મા કરી શકતો નથી. અરે! રોટલીના ટુકડા દાંતથી થાય છે એમ છે જ નહીં, દાંત રોટલીને સ્પર્શતા જ નથી ને! અને એ વખતની ક્રિયાનું જ્ઞાન થયું એ પોતાની યોગ્યતાને લઈને જ્ઞાન થયું છે, એ ક્રિયાને લઈને જ્ઞાન થયું નથી આહાહા!

આત્મામાં એક અકારણકાર્ય નામનો અનાદિ અનંત ગુણ છે, તેથી રાગ કાર્ય ને આત્મા તેનું કારણ એમ છે નહીં. મહાવ્રત આદિના કાર્ય મારા ને હું મહાવ્રતાદિનો કારણ છું એમ છે નહીં. જ્ઞાનગુણમાં પણ અકારણકાર્યનું રૂપ છે, તેથી જ્ઞાનની પર્યાયમાં પણ અકારણકાર્યનું રૂપ આવ્યું, તેથી જ્ઞાનની પર્યાય રાગને કરે એમ નથી.

રાગથી ભિન્ન જ્ઞાતાધારા અંદરમાં પ્રગટ થાય તો રાગનું કર્તાપણું છૂટી જાય છે. સમ્યગ્દ્રષ્ટિ પ્રજ્ઞાછીણીથી રાગની ભિન્નતા કરીને જ્ઞાતા થયો તેથી તે રાગનો કર્તા થતો નથી. યથાર્થ જ્ઞાતાધારા એટલે?–શાસ્ત્રથી, ધારણાથી રાગની ભિન્નતા જાણી પણ એ યથાર્થ ભિન્નતા–યથાર્થ જ્ઞાતાધારા નથી. જ્ઞાનસંપદાનું ભાન થાય ત્યારથી યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય છે ને ત્યારે પરનું અને રાગનું કર્તાપણું છૂટી જાય છે.

# આનંદામૃતને અનુભવો

**આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે-'त एव साक्षात् अमृतं पिबन्ति' . ૨૩૦.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેમાં રાગ તો નહીં, પણ અલ્પજ્ઞતાયે નહીં એવી આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ ભગવાન છે. ક્ષેત્રનો જ્યાં અંત નહીં તેને જાણનારો ભગવાન છે. ભાઈ! અદ્ભૂત–અદ્ભૂત જિનપ્રતિમા ચૈતન્યમૂર્તિ છે તેને બધે પડખેથી જાણવી. નય–નિક્ષેપ–પ્રમાણ ચારે બાજુથી પહેલાં આત્માનો નિર્ણય યથાર્થ કર. પછી નય–નિક્ષેપ આદિ, વિકલ્પનો પક્ષ છોડીને ધ્યાનમાં આત્માને લઈને ધ્યાનમાં મસ્ત થઈ જા.

ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તસ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દ્રષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતા તો આવડે જ છે ને! આર્ત્તધ્યાન આદિ તો કરે જ છે ને? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં–ધ્યાનમાં–વિકલ્પમાં એવો મશગૂલ થઈ જાય કે ખબર ન પડે! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈને ઠરી જા.

ભાઈ! રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ તારા ઘટમાં સદાય મોજૂદ છે. એવા ચૈતન્યતત્ત્વનો પ્રમાણ–નય આદિથી નિર્ણય કરીને તેને છોડીને અંદરમાં ઠરી જજે. પ્રમાણ આદિથી સ્વરૂપનો પહેલાં નિર્ણય કરે પણ એ વૃત્તિનું ઉત્થાન છે! તેનાથી તને શું! એટલે કે શુદ્ધ છું આદિ વિકલ્પના પક્ષથી તને લાભ શું? તારે જો તારું હિત કરવું હોય તો વિકલ્પનો પક્ષ છોડી દે.

પ્રભુ! તારી પાસે તો અનંત આનંદ, અનંત શાંતિ આદિ અનંત શક્તિના નિધાન પડયા છે, એકવાર નજર નાખીને નિહાળ તો ખરો! સ્ત્રી–પુત્ર–પૈસા કે શાસ્ત્ર આદિને જાણ્યા પણ એ તો પરદ્રવ્ય છે, તેને જાણ્યા પણ જાણનારને જાણ્યો નહીં! જે કરવાનું છે એ કરતો નથી ને દીકરા–દીકરીને ઠેકાણે પાડવામાં અર્થાત્ સાંસારિક કાર્યોમાં રોકાઈ ગયો. અરેરે! રાગની વૃત્તિ ઊઠે છે એ વિકાર છે, દુઃખ છે. વ્રત–ભક્તિના ભાવ એ તો શુભ રાગ છે, દુઃખ છે, તને ખબર નથી ભાઈ! ભગવાન તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવો અંદરમાં જઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. હું શુદ્ધ છું આદિ વૃત્તિ ઊઠે છે એ રાગ છે. પરની દયાનો ભાવ એ પણ રાગ છે એટલે કે તારી હિંસા છે. દયાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ શુભ રાગ છે. તેને તો છોડી દે પણ હું શુદ્ધ છું આદિ વિકલ્પ પણ છોડી દે ને અંદરમાં અતીન્દ્રિય આનંદનો નાથ બિરાજે છે ત્યાં ચાલ્યો જા. ત્યાં ઠરી જા. તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. અરેરે! આવી સત્ય વાત પણ જીવને સાંભળવા ન મળે ને જીવન એમ ને એમ ચાલ્યું જાય!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે, તેમાં–સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે. પ્રભુ! એકવાર સાંભળ. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે ત્યાં તારી નજર લગાવી દે. મુક્તસ્વરૂપી પ્રભુ હોવાથી ત્યાં નજર નાખતાં પર્યાયમાં અંશે મુક્તિ–મિથ્યાત્વ રહિતપણું પ્રગટશે, સમ્યગ્દર્શન પ્રગટશે ને તને સાક્ષાત્ અતીન્દ્રિય આનંદનો અનુભવ આવશે.

પ્રભુ! તું અતીન્દ્રિય આનંદનો નાથ છો ને! તેની સમીપમાં જા. આહાહા! જેને હિત કરવું હોય તેને આ વાત બેસશે. બાહ્ય પદાર્થની આશ્ચર્યતા છોડ ને અંતર પદાર્થની આશ્ચર્યતામાં જા, તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે, આનંદના ઘૂંટડા પીવા મળશે. બાકી તો પુણ્ય–પાપ રૂપી દુઃખના ઘૂંટડા પી રહ્યો છો. જેણે આત્માના આનંદનો રસ પીવો છે તેને વિષયનો રસ છોડી દેવો પડશે. કેમ કે જેને વિષયનો–પાંચ ઇન્દ્રિયના વિષયોનો રસ પડયો છે તેને સમ્યગ્દર્શન નહીં થાય.

પ્રભુ, તું અંદર બિરાજે છો, માટે ત્યાં અંદર જા ને! બહારમાં શોધે છે પણ બહારમાં નહીં મળે! અંદર જા ને ભાઈ! તને સાક્ષાત્ આનંદામૃતનો અનુભવ થશે.

## વડોદરાના પ્રાંગણમાં

# 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનો

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી, તું તેને ઓળખી તેમાં લીન થા તો તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**

[ વડોદરા, તા ૬–૧૨–૭૮ ]

આ બહેનનાં વચનો છે, એ તો ( –બહેનશ્રી તો ) બહારથી મરેલાં ને અતીન્દ્રિય આનંદમાં પડેલાં છે, એમની સ્થિતિ તો અલૌકિક છે. તેમણે રાત્રે બહેનોના વાંચનમાં જે કહેલું તેમાંથી બ્રહ્મચારી દીકરીઓએ લખી લીધેલું–તે આ પુસ્તક છે. તેમાં અહીં ૩૮૦ મો બોલ લીધો છે.

જેમ કંચનને કાટ લાગતો નથી. સોનું જે છે તેને કાટ ન લાગે. અગ્નિને ઊધઈ લાગતી નથી. અગ્નિ જે હોય તેમાં ઊધઈ ન હોય. તેમ જે તત્ત્વ છે, સત્ છે, દ્રવ્ય છે, જાણકસ્વભાવ છે, અનંત આનંદથી ભરેલી જે વસ્તુ છે તેને આવરણ નથી. એક સમયમાં નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ પ્રભુને આવરણ ન હોય. વસ્તુને આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. આવરણનો સંબંધ તો એક સમયની પર્યાયમાં છે, વસ્તુમાં આવરણ નથી.

જેમ સોનાને કાટ ન હોય તેમ જ્ઞાયકભાવને આવરણ ન હોય. વર્તમાન પર્યાયમાં રાગનો સંબંધ છે ને રાગને કર્મના નિમિત્તનો સંબંધ છે પણ અંદર જે ચૈતન્યબિંબ વસ્તુ છે કે જે શરીરથી તો ભિન્ન છે, કર્મથી તો ભિન્ન છે પણ એક સમયની પર્યાયથી પણ જે ભિન્ન છે એવી વસ્તુને આવરણ નથી.

જ્ઞાયકસ્વભાવમાં ઊણપ ન હોય. વસ્તુસ્વભાવમાં ઓછપ ન હોય, કેમ કે વસ્તુ છે તે પૂરણ છે. જેમાં અનંત અનંત ગુણો વસેલા છે તે વસ્તુ છે. ભાઈ! તું મોજૂદગીવાળો મહાપ્રભુ છો, કૃતકૃત્ય છો, તેમાં ઊણપ ન હોય. ભગવાન છે તે પૂરણ છે, તેમાં અશુદ્ધિ આવતી નથી. સચ્ચિદાનંદનો નાથ મહાપ્રભુ છે તેમાં પુણ્ય–પાપની મલિનતા આવતી નથી. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે આ નિરાવરણ, પૂરણ ને શુદ્ધ વસ્તુ છે તેની દૃષ્ટિ કરવી જોઈએ.

આ દેહમાં બિરાજમાન, દેહથી ભિન્ન જે આત્મા છે તેનો સર્વજ્ઞ સ્વભાવ છે. શક્તિ ને સ્વભાવે જે સર્વજ્ઞપણું છે તેને પૂરણ આત્મા કહેવામાં આવે છે, તેની દૃષ્ટિ

કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આ દેહમાં, દેહથી તો ભિન્ન, કર્મથી તો ભિન્ન પણ અંદરમાં જે દયા–દાન આદિના તથા હિંસા–જૂઠું આદિના પુણ્ય–પાપના પરિણામ થાય તેનાથી પણ ભિન્ન એવું આત્મતત્ત્વ નિરાવરણ, શુદ્ધ ને પરિપૂર્ણ વસ્તુ છે તેને તું ઓળખ.

તું તને ઓળખ. કેવો છો તું ?–આવરણરહિત, પૂરણ ને શુદ્ધ તું છો, તેને તું ઓળખ. મારે પૈસા આદિ જોઈએ છે–એવી ભાવનાવાળા મોટા માગણ–ભિખારી છે. શાસ્ત્રમાં પાઠ છે કે અંતરમાં જ્ઞાન ને આનંદની લક્ષ્મી ભરેલી છે તેને તો તું જોતો નથી ને પૈસા જોઈએ, આબરૂ જોઈએ–એ બધાં વરાંકા–ભિખારી છે.

ભાઈ ! મોત માથે નગારાં વગાડી રહ્યા છે. જે કાળે આ દેહની જે સ્થિતિ થવાની તે થવાની જ, તેમાં ઇન્દ્ર–નરેન્દ્ર આદિ કોઈ ફેરફાર કરવાને સમર્થ નથી. કેમ કે જે કાળે જે દ્રવ્યની જે પર્યાય થવાની તે થવાની જ, આઘી–પાછી થવાની કે નહિ થવાની–એમ ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી. માટે પરના કાર્ય કરી શકું છું, ધ્યાન રાખી શકું છું–એ ચીજ ( –માન્યતા ) છોડી દે. અરે ! તારી પર્યાયમાં જે મલિનતા છે એ પણ તારી વસ્તુમાં નથી, એવી નિરાવરણ, પૂરણ ને શુદ્ધ વસ્તુને તું ઓળખ.

અંદર પૂર્ણાનંદનો નાથ અનંત અનંત અનંત આનંદથી ભરેલો પ્રભુ તું પોતે છો તેને તું ઓળખ. શરીર પ્રમાણે કદ ભલે નાનું હોય પણ અપરિમિત બેહદ સ્વભાવવાળો તું છો તેને ઓળખ. પ્રભુ ! તારા વખાણ ભગવાનની વાણી પણ પૂરા કરી શકી નહિ એવી તારી મોટપ છે, તેને તું ઓળખ.

જેમ હરણની નાભિમાં કસ્તૂરી હોવા છતાં જાણે બહારમાં ક્યાંક કસ્તૂરી હોય તેમ બહારથી મેળવવા ઝાંવા નાખે છે. તેમ સુખનો સાગર મહા પ્રભુ પોતે હોવા છતાં જાણે બહારથી સુખ મળી જશે તેમ માનીને પૈસા આદિ મેળવવા વલખા મારી રહ્યો છે. તેથી અહીં કહે છે કે પરદ્રવ્ય તો ક્યાંય ભિન્ન રહ્યાં પણ રાગ છે એ પણ તું નથી, અરે ! એક સમયની વર્તમાન પર્યાયથી પણ ભિન્ન વસ્તુ છે તેને તું ઓળખ. શાસ્ત્ર દ્વારા કે ગુરુ દ્વારા તું તને ઓળખ એમ નહિ હો ! પણ તું પોતે જ તારાથી તને ઓળખ.

જેવી ચીજ તું છો તેનું યથાર્થ જ્ઞાન કરીને તેમાં તું લીન થા. અતીન્દ્રિય આનંદનો સાગર તું છો તેને ઓળખી તેમાં તું લીન થા તો તને તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. તું ચૈતન્યહીરલો છો કે જેમાં અનંતા અનંતા ગુણના પાસા પડેલા છે, તેને તું ઓળખી તેમાં લીન થા. ચૈતન્યહીરલો પ્રભુ તું છો, તેને તું તારાથી ઓળખ.

જેમ સાકર સાકરરૂપે એક છે પણ તેમાં ગળપણ, સફેદાઈ, સુંવાળપ આદિ અનેક

( અનુસંધાન પાનું ૨૫ )

# હું તો સદા કૃતકૃત્ય છું

**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે ‘હું તો સદા કૃતકૃત્ય છું’. તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.**

[ વડોદરામાં તા. ૯–૧૨–૭૮ ના રોજ શિલાન્યાસ દિને ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

જેમ છાલા, કાચલી ને રતાશથી જુદો અંદર ધોળો ને મીઠો ગોળો તે નાળિયેર છે. તેમ શરીર, કર્મ ને પુણ્ય–પાપના ભાવથી જુદો ધોળો ને મીઠો એટલે કે શુદ્ધ ને આનંદસ્વરૂપી ભગવાન આત્મા છે. અંદરમાં જ્ઞાન ને આનંદનો ગોળો ભગવાન આત્મા છે. તેના ઉપર દૃષ્ટિ કરતાં તેનું જ્ઞાન થઈને પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે, તે ધર્મની પ્રથમ ભૂમિકા છે. અપરિમિત જ્ઞાન, અપરિમિત શાંતિ આદિ અનંત અનંત ગુણોનું ગોદામ આત્મા છે પણ એના અપલખણ તો જુઓ! સવારે ઊઠીને એક કપ ચા પીવા મળે ત્યાં ભાઈસા’બનું મગજ ‘તર’ થઈ જાય!!

અહીં કહે છે કે આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. ઉત્પાદ–વ્યય એ પર્યાયમાં છે ને વસ્તુ છે તે ધ્રુવ છે. પરમાણુ પણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. અનાજનું રજકણ લોટરૂપે થયું પછી રોટલીરૂપે ને પછી લોહીરૂપે થાય તેમાં રજકણ કાયમ રહ્યું ને જુદી જુદી અવસ્થા થઈ તે ઉત્પાદ–વ્યય છે. એ રીતે દરેક આત્મા પણ ઉત્પાદ–વ્યય –ધ્રૌવ્યસ્વરૂપ છે. ધ્રુવ છે એ કાયમ રહે ને પર્યાય છે તે પલટે છે. વસ્તુ છે તે કાયમ રહીને બદલે છે. કાયમ રહે તે ધ્રુવ ને બદલે તે ઉત્પાદ–વ્યય. એ કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી. બદલતી અવસ્થામાં કાયમ રહેનારું જે ધ્રુવ તત્ત્વ છે તે ખાલી નથી, અનંત ગુણથી ભરપૂર ભરેલું છે.

આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. આ આત્મા જે પરથી જુદો છે તેમાં સમયે સમયે ઉત્પાદ–વ્યયની અવસ્થા થાય છે. જે સમયે જે પર્યાય થવાની છે તે જ થશે અને તે ઉત્પાદ છે તથા તે સમયે જે પૂર્વની અવસ્થા નાશ થાય છે તે વ્યય છે. ધ્રુવ છે તે કાયમ રહે છે. વસ્તુ છે તે કાયમ રહીને પલટે છે. ઉત્પાદ છે તે ભાવસ્વરૂપ છે ને વ્યય છે તે અભાવસ્વરૂપ છે પણ તેનાથી રહિત જે કાયમ રહેનારું સ્વરૂપ છે તે અનંત અનંત ગુણરત્નોથી ભરેલું છે. જે ધ્રુવ છે તેમાં અનંતા ગુણરત્નોના ઓરડા ભર્યા છે. એવો જે આત્મા ધ્રુવસ્વરૂપ છે તેની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

જો તારે ધર્મ કરવો હોય, અનંત કાળમાં થઈ નથી એવી દ્રષ્ટિ કરવી હોય તો પર્યાય ઉપરની દ્રષ્ટિ છોડી દે. કેમ કે એ તો અનાદિ કાળની છે. પણ જેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલાં છે એવું જ અદ્ભુત ઋદ્ધિયુક્ત ધ્રુવતત્ત્વ છે તેમાં દ્રષ્ટિ દે તો તને સમ્યગ્દર્શન થાય અને અનુભવમાં આનંદ આવે.

આત્મામાં અનંતા ગુણો ભર્યા છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્ભુત ઋદ્ધિથી ભરેલો છે, તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય–પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે. અંદર અનંત અનંત ગુણરત્નોથી ભરેલો પરમાત્મસ્વરૂપ છો, તેની નજર કરતાં તને સંતોષ થશે. પરનું કરવું તો છે જ નહીં પણ અંદરમાં જે રાગ આવે તે પણ તારું સ્વરૂપ નથી. અંદરમાં જે આનંદનો સાગર ભર્યો છે એવો પ્રભુ તું છો, ત્યાં દ્રષ્ટિ દેને નાથ ! તારી મોટપ તેમાં છે.

પૂર્ણાનંદથી ભરેલો ભગવાન ધ્રુવ છે, ત્યાં નજર કર તો તને સંતોષ થશે કે હું તો સદા કૃતકૃત્ય છું. પરનું કરવું તો નથી, રાગનું કરવું પણ નથી પણ નિર્મળ પર્યાયનું પણ કરવું નથી. વસ્તુ છે એ તો કૃતકૃત્ય છે. પર્યાય થાય છે એ તો પોતાના કારણે થાય છે, કાર્ય કરવું એ વસ્તુમાં નથી. કેમકે એ તો કૃતકૃત્ય જ છે–એમ નજર કરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈ જઈશ.

આ તો બહેનના અંતરના અનુભવમાંથી નીકળેલાં વચનો છે. આ વાણી બહેનના મુખથી આવેલી છે તે ભગવાનની દિવ્યધ્વનિમાં આવેલી વાણી છે.

# જગતમાં સર્વોત્કૃષ્ટ તું પોતે જ છો

**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે! ૩૭૯.**

[ પાલેજ શહેરમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનુ પ્રવચન, તા. ૧૧-૧૨-૭૮ ]

બેનની શક્તિ એટલી છે કે લોકોને સમજવું કઠણ પડે છે. તેમને અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ જ્ઞાન છે. સંવત ૧૯૮૯ માં સમ્યગ્દર્શન ને સંવત ૧૯૯૩ માં જાતિસ્મરણ થયેલું. તેઓ બહેનો દીકરીઓની વચ્ચે જે બોલ્યા હતા તેમાંથી કેટલીક દીકરીઓએ પોતાના માટે લખી રાખેલું. તેમાંથી આ પુસ્તક હિંમતભાઈ પંડિતજીએ કર્યું. તેમાં આ ૩૭૯ મો બોલ છે. બહેન કહે છે કે જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તો તારો આત્મા જ છે. તારો આત્મા અત્યારે જિનસ્વરૂપી જ છે. જો એમ ન હોય તો પર્યાયમાં જિનસ્વરૂપ ક્યાંથી પ્રગટશે! પ્રભુ! તું જિનસ્વરૂપ છો.

પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન આત્મા જ્ઞાયકતત્ત્વ સર્વોત્કૃષ્ટ ચીજ છે. જેમ સ્ફટિક નિર્મળ છે તેમ તારો નિર્મળ સ્વભાવ છે. સંયોગનું લક્ષ છોડી, સંયોગીભાવ છોડી, રાગને જાણનારી પર્યાયનું લક્ષ છોડી જે અતીન્દ્રિય આનંદની મૂર્તિ સર્વોત્કૃષ્ટ પ્રભુ એવો તું છો-તેનું લક્ષ કરવું. ભાઈ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. ચૈતન્યના રસથી ને આનંદના રસથી ભરેલો ભગવાન આત્મા છે. જેમ લીંડીપીપર કદે નાની, રંગે કાળી ને અલ્પ તીખાશ છે પણ તેને ૬૪ પહોર ઘસતાં લીલો રંગ ને ૬૪ પહોરી તીખાશ પ્રગટ થાય છે, કેમ કે એ તેમાં ભર્યા છે. તેમ ભગવાન આત્મામાં ચૈતન્યરસ ને આનંદનો રસ પૂરણ ભર્યો છે ભલે વર્તમાનમાં તેમાં રાગાદિ કાળપ-મેલ દેખાય, પણ એ દુઃખની દશા સ્વરૂપમાં નથી.

તારો આત્મા જગતમાં સર્વોત્કૃષ્ટ છે. કેમ ?–કે તારા આત્મામાં ચૈતન્યરસ, આનંદરસ, શાંતિરસ પૂરેપૂરા ભર્યા છે. પરંતુ જેમ મૃગલાની નાભિમાં કસ્તૂરી છે અને તેની વાસથી કસ્તૂરી માટે તે બહાર ભટકે છે, તેમ ચૈતન્યરસ ને આનંદરસથી ભરેલો આત્મા છે પણ અજ્ઞાની તેના ભાન વિના સુખ મેળવવા બહારમાં ફાંફાં મારે છે. ભાઈ ! તારો આત્મા ગુણમણિયોનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી. દિવ્યશક્તિ દેનારો તારો આત્મા છે તેને તું ઓળખતો નથી, તેથી અહીં કહે છે કે તેને તું ઓળખ.

અગિયાર અંગના જ્ઞાન ને પંચમહાવ્રતના આચરણ અનંતવાર કર્યા પણ દિવ્યશક્તિનો ભંડાર એવા તારા આત્માને તેં કદી ઓળખ્યો નથી. પુણ્ય–પાપના પરિણામથી ભિન્ન દિવ્યશક્તિને તું ઓળખતો નથી. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તને શરીર આદિ જણાય છે પણ જાણનારની પર્યાય જેની છે એ દિવ્ય સ્વરૂપને તું ઓળખતો નથી.

આબરૂ મળી, પૈસા મળ્યા આદિને મૂલ્યવાન માન્યા, પુણ્યના પરિણામ થયા તો તેને મૂલ્યવાન માન્યા–એમ પરવસ્તુને મૂલ્યવાન માની પણ મૂલ્યવાન ચીજ પોતે છે તેને મૂલ્યવાન માની નહીં. પરવસ્તુને મૂલ્યવાન માની ને સ્વવસ્તુને મૂલ્યવાન માની નહીં તેથી પરવસ્તુને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે. મજૂર તો માંડ માંડ ૬–૭ કલાક મહેનત કરે પણ આ વેપારી તો સવારે ઊઠે ત્યારથી સૂવે ત્યાં સુધી મજૂરી કરે ! ભલે પાંચ, પચ્ચીસ લાખ મળે પણ એ તો મોટો મજૂર છે.

પરવસ્તુ ત્રણકાળમાં કદી કોઈની થઈ નથી. આ શરીરના રજકણ એક દિ' વિખાઈ જશે પછી નર–ભવ ક્યારે પામીશ ?–માટે ચેત ભાઈ ચેત. શરીર તો અનંત રજકણનો પિંડ છે. તેને તું સાચવવા મથીશ પણ એ તારા કર્યા પ્રમાણે રહેશે નહીં !

પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે અરેરે ! મને લોકો મોટો માને ! મહિને મોટામાં મોટો પગાર હોય ! લાખો રૂપિયા પેદા કરું–એમાં ને એમાં રોકાઈને મરી ગયો છે. પરંતુ પરવસ્તુ ત્રણકાળમાં કદી કોઈની થઈ નથી. બ્રહ્મદત્ત ચક્રીને ૧૬ હજાર દેવો સેવા કરતાં હતા પણ મરતાં કોઈ શરણ થયું નહીં ! મરીને સાતમી નરકે ગયો. આહાહા ! જેના ક્ષણના દુઃખ કોટિ જીભે, કોટિ ભવે ન કહી શકાય એવા દુઃખ ૩૩ સાગર સુધી ભોગવશે !

અહીં કહે છે કે પરવસ્તુનો સંગ તું ઇચ્છે છે પણ એ કોઈ દિ' તારી થઈ નથી ને તારી વસ્તુનો તું સંગ કરે, તારી વસ્તુને તારી કરીને તારી માને તો સદાય તારી થઈને રહેશે. પરવસ્તુ તો કોઈને પણ કોઈ કાળે પણ કોઈની થઈ નથી. રાગને તારો કરવા જઈશ તો રાગ પણ તારો નહીં થાય. અનંતગુણનો પિંડ પ્રભુ છે તેને તારો કરીશ તો એ તારો થઈને રહેશે. પરવસ્તુ તારી નહીં થાય ભાઈ! રાગથી માંડીને બધી પરવસ્તુ કદી તારી નહીં થાય. ત્રણકાળમાં તે કદી કોઈની થઈ નથી પણ તું વ્યર્થ ભ્રમણામાં પરવસ્તુને પોતાની બનાવવા મથી રહ્યો છે ને પોતાનું અહિત કરી રહ્યો છે, પોતાનું બૂરું કરી રહ્યો છે.


[ વડોદરાના પ્રાંગણામાં પ્રવચન..........પૃષ્ઠ ૨૦ થી ચાલુ ]

ગુણો છે. તેમ આત્મા આત્મારૂપે એક છે પણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણરત્નો ભર્યા પડયા છે. તું તેને ઓળખી તેમાં લીન થા તો એ અનંત ગુણરત્નોની ચમક પ્રગટ થશે. વર્તમાનમાં અનંત ગુણોનો અંશ પ્રગટ થશે. સોનાને જેમ ગેરૂ લગાડે ને ચમકે તેમ ભગવાન આત્મા અનંત ગુણરત્નોની ખાણ છે તેને ઓળખીને તેમાં એકાગ્ર થાય તો તેની ચમક પ્રગટ થાય. અનંત ગુણરત્નોની ખાણ ઉપર જો તારી નજર જાય તો તારી દશામાં અનંત ગુણરત્નોની ચમક પ્રગટ થશે. અનંત ગુણો જે શક્તિરૂપે છે તેનો અંશ તારી પર્યાયમાં પ્રગટ થશે, તને આનંદનો અનુભવ થશે ને તે અનુભવ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ તને સડેલા તરણા જેવા તુચ્છ લાગશે.

## મહિમાવંત પદાર્થ

અહો! તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ જેવા પુણ્યના ધણી, આ રાજ આ વૈભવ કાંઈ જોઈતું નથી–એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્મા સાધવાની ધૂનમાં વન–જંગલમાં ચાલી નીકળ્યા! અહો! જેમને કોઈ વાતે ખામી ન હતી, જન્મથી જ વૈભવો હતા, છતાં એમાં એમને વિસ્મયતા ન લાગી અને આત્માને સાધવા ચાલી નીકળ્યા! એ આત્માની કેવી વિસ્મયતા લાગી હશે? આહાહા! લોકો જેને ભગવાન કહેતા–માનતા એવા મોટા પુણ્યના ધણી, જગતના આશ્ચર્યકારી વૈભવોને તુચ્છ–તુચ્છ જાણી ચાલી નીકળ્યા! એ મહિમાવંત આત્મા કેવો આશ્ચર્યકારી લાગ્યો હશે? આહાહા! મહિમાવંત આત્માની વિસ્મયતા પાસે જગતના વિસ્મયકારી વૈભવો પણ તુચ્છ–તુચ્છ લાગે ને ક્ષણમાં છોડી ચાલ્યો જાય એવો આશ્ચર્યકારી આનંદનો નાથ આત્મા છે. એની ઓળખાણ કર, એની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. ભાઈ! આવા ટાણા ક્યારે આવશે?

–પૂજ્ય ગુરુદેવશ્રી




* શુભરાગ થવો એ કાંઈ વિશેષ નથી. ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ ભાવ થયા જ કરે છે. અરે! નિગોદના જીવને કે જે અનાદિથી બહાર આવ્યો નથી ને અનંત કાળે પણ બહાર આવશે નહિ એવા નિગોદના જીવને પણ ક્ષણે શુભ ને ક્ષણે અશુભ રાગ આવ્યા કરે છે. એ કાંઈ વિશેષ વાત નથી. ધર્મીને જ્ઞાનધારા ક્ષણે ક્ષણે ચાલ્યા કરે છે. એ જ્ઞાનધારા ચાલવી એ જ વિશેષ વાત છે. એ જ્ઞાનધારાથી જ સંસાર ભ્રમણ છૂટે છે.

* હે જીવ! અનંત કાળમાં તે શુદ્ધોપયોગ કર્યો નહિ તેથી તારી અશુદ્ધતા ટળી નહિ. તું તારા જ્ઞાયકભાવમાં ઠરી જા તો ક્ષણમાત્રમાં તારા કર્મો ક્ષય થઈ જશે. ભલે તું એક છો પણ તારી શક્તિ અનંત છે. એક જ અનંત શક્તિવાળો બધાને પહોંચી વળવા બસ છો. તું ઊંઘે છો માટે બધા આવે છે. તું જાગૃત થા તો બધા તેની મેળાએ ભાગી જશે. તારામાં જ્ઞાન, દર્શન, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંતી શક્તિઓ ભરી છે એના સામર્થ્યને શુદ્ધોપયોગથી જો તો કર્મ ને અશુદ્ધતા ક્ષણમાં ટળી જાય એવા સામર્થ્યવાળો તું અનંત શક્તિ સંપન્ન છો. જેમ સિંહ જાગે ત્યાં બકરાંનાં ટોળા ભાગે તેમ તું જાગી જા તો કર્મ બધાં ભાગી જશે.

પ્રશ્નઃ– અપ્રતિબુદ્ધ જીવના જ્ઞાનને આત્માનું લક્ષણ કહેવાય?

ઉત્તરઃ– અપ્રતિબુદ્ધ જીવનું જ્ઞાન આત્માને લક્ષમાં લે તો તેના જ્ઞાનને લક્ષણ કહેવાય, પણ લક્ષ એવા આત્માને જે જ્ઞાન લક્ષમાં લેતું નથી તેને લક્ષણ કહેવાતું નથી.

* વસ્તુને સત્યરૂપે સમજીને શ્રદ્ધાનો સુધારો કરશે તેને સમકિત થશે. ભલે જ્ઞાન ઓછું હોય, ચારિત્ર ન હોય, પણ શ્રદ્ધાનો સુધારો કરે તો એના જોરે સમકિત થશે.

* ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય, અરે! તીર્થંકર હોય, છતાં છદ્મસ્થ અવિરત દશામાં એને અશુભ રાગ પણ આવે છે, પણ એને કાળો નાગ જાણે છે. આહાહા! જ્ઞાનીની અંતરદષ્ટિને કળવી એ વાતો અલૌકિક છે.

પ્રશ્નઃ– અગિયાર અંગ ને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું?

ઉત્તરઃ– અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડજ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડખંડ ઇન્દ્રિયજ્ઞાન–અગિયાર અંગનું કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતા કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત નથી.

* સમ્યગ્દ્રષ્ટિ–જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહારમાં હોય ત્યારે પણ તેની દ્રષ્ટિ તો ચૈતન્ય–ધ્રુવ–તળ ઉપર જ કાયમ ટકેલી છે. બહારમાં એકમેક જેવો થએલો દેખાય ત્યારે પણ તે તો ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ભલે સમ્યગ્દ્રષ્ટિ કદાચિત્ લડાઈમાં ઊભો હોય છતાં પણ તેની દ્રષ્ટિ તો ધ્રુવ–તળ ઉપર જ પડી છે. અરે! પૂજા–ભક્તિ–યાત્રા આદિમાં ઉપયોગ બહારમાં દેખાય તોપણ એ તો ઊંડી ગુફામાંથી બહાર આવ્યો જ નથી. સમ્યગ્દ્રષ્ટિને મરણનો પ્રસંગ હોય ને કદાચિત્ નિર્વિકલ્પતા ન હોય અને તેનો ઉપયોગ રોગના વિકલ્પમાં હોય છતાં તેની દ્રષ્ટિ તો અંતર ગુફામાં જ પડી છે. બહાર આવતો જ નથી. આહાહા! ધ્રુવ–તળ ઉપર પડેલી દ્રષ્ટિનું માહાત્મ્ય કોઈ અદ્‌ભુત ને અચિંત્ય છે.

પ્રશ્નઃ– નિશ્ચય સાથેનો ઉચિત રાગ હોય તેને ક્રોધ કહેવાય?

ઉત્તરઃ– નહિ, અહીં સમયસાર ગાથા ૬૯–૭૦–૭૧ માં જેને આત્મસ્વભાવની રુચિ નથી, અનાદર છે તેના રાગભાવને ક્રોધ કહ્યો છે એટલે કે મિથ્યાત્વ સહિતના રાગાદિ ભાવને ક્રોધ કહ્યો છે. જ્ઞાનીના અસ્થિરતાના રાગનું તો જ્ઞાનીને જ્ઞાન થાય છે. જ્ઞાનના પરિણમનવાળા જ્ઞાનીને આનંદરૂપ આત્મા રુચે છે, આત્મા માલૂમ પડે છે. તેથી તેને રાગની રુચિરૂપ ક્રોધ હોતો જ નથી. તેથી ક્રોધ માલૂમ પડતો નથી. અજ્ઞાનીને દુઃખરૂપ ભાવ–રાગભાવ રુચે છે, આનંદરૂપ ભાવ રુચતો નથી. તેથી તેને ક્રોધાદિ જ માલૂમ પડે છે, આત્મા માલૂમ પડતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે તેની રુચિ નથી ને પુણ્યના પરિણામની રુચિ છે, તેને આત્માનો અનાદર છે, તેથી તેને સ્વરૂપ પ્રત્યે ક્રોધી કહે છે.

* ભગવાને આત્મા કહ્યો છે તે પરમાનંદ સ્વરૂપ છે. તેના પ્રત્યે જેને અનાદર વર્તે છે અને દયા–દાન–પુજા–ભક્તિ આદિ શુભ–રાગ પ્રત્યે પ્રેમ છે, રુચિ છે, આદર છે,

તેને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા પ્રત્યે ક્રોધ વર્તે છે, તે જીવને ક્રોધી કહે છે. ક્રોધ વસ્તુ જુદી છે ને જ્ઞાન વસ્તુ જુદી છે. આત્મા અને પુણ્ય–પાપ આદિ ભાવો એક હોય તો નવ તત્ત્વો સિદ્ધ થતાં નથી. તેથી આત્મા અને આસ્રવો જુદા છે. જેને પુણ્ય–પાપ ભાવનો પ્રેમ છે તેમાં આત્મા નથી, કેમ કે પુણ્ય–પાપ ભાવમાં આત્માની હિંસા થાય છે, તેથી તેમાં આત્મા નથી અને જેને જ્ઞાનસ્વરૂપ આત્માનો પ્રેમ છે, રુચિ છે તેને ક્રોધાદિ ભાવ નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. એનું ભાન કર્યા વિના ચારગતિના ભવોના દુઃખ કે જેનું વર્ણન સાંભળ્યું જાય તેમ નથી તે ભોગવવા પડે છે. રાગાદિ આસ્રવો અને ભગવાન આત્મા ભિન્ન છે તેવું ભેદજ્ઞાન જ્યારે કરે ત્યારે સ્વરૂપની પ્રાપ્તિ થાય ને સંસાર ભ્રમણના દુઃખો ટળે છે.

પ્રશ્નઃ– આત્મા પરોક્ષ છે તો કેમ જણાય?

ઉત્તરઃ– આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી–પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે, એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે.

પ્રશ્નઃ– વચનામૃતમાં કહ્યું કે જ્ઞાયકનું લઢન કરવું એટલે શું?

ઉત્તરઃ– હું જ્ઞાયક છું.....જ્ઞાયક છું....જ્ઞાયક છું એમ અંદરમાં રટણ રહ્યાં કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયક તળમાં પર્યાય પહોંચી. આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં–ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ!

* ચલો સખી વહાં જઈએ,
જહાં અપના નહિ કોઈ,
શરીર ભખે જનાવરા,
મુવા રોવે ન કોઈ.

આહાહા! સંગથી ચાલ્યો જા! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડયો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ! શું કહીએ!

* ભાઈ! તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ ને બહારમાં દેવ–શાસ્ત્ર–ગુરુ સાથે, બસ અન્ય સાથે તારે શું પ્રયોજન છે? જેમનું સાધકને આલંબન આવ્યા વિના રહેતું નથી એવા દેવ–શાસ્ત્ર–ગુરુનું આલંબન પણ શુભરાગ હોવાથી પરમાર્થે તે હેય છે, આદરણીય નથી. ભલે કમજોરીથી તે આવે છે, આવ્યા વિના રહેતો નથી, પણ છે હેય, તો અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શું?

## જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવવાના નિર્ણય સાથે
## પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલવર્ધિની છત્રછાયામાં
## વડોદરા શહેરમાં સાનંદ ઉજવાયેલો
## શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરનો શિલાન્યાસ મહોત્સવ

❀ તા. ૪–૧૨–૭૮ ના સુપ્રભાતે સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને, અમદાવાદ એક દિવસ બિરાજીને, માગશર સુદ ૬ના રોજ વડોદરા શહેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી થતાં, વડોદરાના મુમુક્ષુ ભાઈ બહેનોએ, મેયર શ્રી રમણભાઈ પટેલ, કો–ઓપરેટીવ બેંકો (ગુજરાત) ના ચેરમેન માજી ધારાસભ્ય શ્રી જશવંતલાલ શાહ વિગેરે અગ્રણી શહેરસભ્યોએ તેમ જ બહારગામથી આવેલા મુમુક્ષુ ભાઈ–બહેનોએ અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક સ્વાગત–યાત્રા દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણીને વધાવી હતી.

❀ પાંસઠ વર્ષ પહેલાં પાલેજ શહેરમાં નવ વર્ષ સુધી 'મોતીચંદ ગીગા' નામની પિતાજીની પેઢી ચલાવતી વખતે, માલની ખરીદી માટે જે શહેરમાં વારંવાર પૂજ્ય ગુરુદેવશ્રીને જવાનું થતું ને તે વખતના વૈરાગ્યરસસભર નાટકો દેખીને, પૂર્વ સંસ્કારના પ્રખર પ્રતાપે જેઓશ્રીને વૈરાગ્યની ધારા ઉછળતી એવા વડોદરા શહેરમાં, અઢી વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોના પ્રતાપે, શ્રી ચંદુલાલભાઈ કોટડીયાના પ્રમુખપણા નીચે માત્ર સાત ઘરના સભ્યો દ્વારા મુમુક્ષુ મંડળની સ્થાપના થઈ ને એક જ વર્ષમાં શ્રી આદિનાથ જિનચૈત્યાલયની સ્થાપના કરી. નિયમિત સ્વાધ્યાયના ફળસ્વરૂપે ધીમે ધીમે ત્યાંના જૈન સમાજમાં જાગૃતિ આવવા લાગી ને મુમુક્ષુ મંડળની જનસંખ્યા વધીને ૨૨૦ લગભગ થઈ ગઈ. ફતેપુરવાળા શ્રી બાબુભાઈ મહેતા તથા પ્રમુખશ્રી ચંદુલાલભાઈ કોટડીયાના પ્રોત્સાહનથી તથા ત્યાંના મુમુક્ષુ ભાઈ–બહેનોના અતિ–ઉત્સાહથી, શહેરના સારા વિસ્તારમાં શ્રી આદિનાથ દિગમ્બર જિનમંદિર, શ્રી મહાવીર–કુંદકુંદ સ્વાધ્યાયભવન તથા શ્રી કુંદકુંદ વિશ્રાંતિગૃહનું નિર્માણ કરવાનું નક્કી થતાં, માગશર સુદ દશમ, શનિવાર, તા. ૯–૧૨–૭૮ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલવર્ધિની છત્રછાયામાં, રોનક ઇન્ડસ્ટ્રીઝવાળા શ્રી રમણીકલાલ

અમૃતલાલ શાહ, ઝવેરી શ્રી શાંતિલાલ ચીમનલાલ શાહ તથા ઝવેરી શ્રી જગદીશચંદ્ર ચીમનલાલ મોદીના શુભહસ્તે, લગભગ ૨૫૦૦ ભક્તગણની ઉપસ્થિતિમાં, જયજયકાર ને હર્ષનાદો વચ્ચે, શિલાન્યાસવિધિ મહોત્સવ ઉજવાયો. શિલાન્યાસની પૂર્વવિધિરૂપ મંગલપૂજનવિધિ શ્રી બાબુભાઈ મહેતાએ કરાવી હતી તથા પ્રશસ્તિ લેખ શ્રી ખીમચંદભાઈ શેઠે વાંચી સંભળાવેલ. પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળ દ્વારા શિલાન્યાસની ઈંટો ઉપર મંગલ–સ્વસ્તિક કરવામાં આવ્યા હતા. આ માંગલિક મહોત્સવમાં ભાગ લેવા સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, રાજસ્થાન આદિથી આવેલ પ્રમુખ વ્યક્તિઓ તથા મહેમાનોની સંખ્યા લગભગ ૧૨૦૦–૧૫૦૦ રહી હતી. વડોદરાના સ્થાનિક મુમુક્ષુ સમાજે તથા આગંતુક મહેમાનોએ મળીને લગભગ રૂપિયા પોણા ત્રણ લાખ જેટલી દાનરાશિ જાહેર કરીને પોતાની ભાવના અભિવ્યક્ત કરી હતી. આગામી એકાદ વર્ષમાં પાંચેક લાખ રૂપિયાનું ભવ્ય જિનમંદિર, સ્વાધ્યાય–ભવન તથા વિશ્રાંતિગૃહ તૈયાર કરીને, જિનબિંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવવાની ઘોષણા સાથે આ આનંદકારી શિલાન્યાસ–મહોત્સવ ઉજવાયો હતો.

❀ આ માંગલિક મહોત્સવ દરમિયાન વડોદરાના સ્થાનિક ભાઈ–બહેનોને તથા આમંત્રિત મહેમાનોને સવારે શ્રી સમયસાર ગાથા–૭૩ ઉપર તથા બપોરે ‘બહેનશ્રીનાં વચનામૃત’ ના બોલ ૩૮૦, ૩૮૧, ૩૮૨ તથા ૩૮૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોનો લાભ મળ્યો હતો. સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીના નિવાસસ્થાને રાત્રિ ચર્ચાનો પણ મુમુક્ષુઓને લાભ મળતો હતો. તદુપરાંત રોજ રાત્રે ૮–૧૫ થી ૯–૦૦ વિદ્વાન શ્રી ખીમચંદભાઈ શેઠ (સોનગઢ) ના વાંચનનો પણ સમાજને લાભ મળતો હતો.

❀ પાંચ–દિનના આ માંગલિક મહોત્સવની ખુશાલીમાં ગુજરાતી આદિ પાંચેય ભાષાના આત્મધર્મના આજીવન સભ્યની ફી રૂ. ૧૦૧–૦૦ ને બદલે રૂ. ૭૬–૦૦ જાહેર કરવામાં આવી હતી તથા ચાલુ વર્ષના બાકી રહેલા છ માસનું લવાજમ રૂ. ૩–૦૦ ને બદલે રૂ. ૧–૫૦ જાહેર કરવામાં આવ્યું હતું. તેમ જ ‘બહેનશ્રીનાં વચનામૃત’ રૂ. ૩–૦૦ ને બદલે રૂ. ૨–૦૦ માં વેચાણમાં મૂકવામાં આવ્યા હતા. આ મંગલ શિલાન્યાસ વિધિનો સુ–અવસર પોતાને પ્રાપ્ત થયાની ખુશાલીમાં ઝવેરી શ્રી શાંતિલાલ ચિમનલાલ શાહ તરફથી તે દિવસે દરેક પુસ્તકોનું વેચાણ અર્ધી કિંમતે રાખવામાં આવ્યું હતું.

## * પાલેજના પ્રાંગણમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી *

❀ નાની ઉંમરે નવ વર્ષ સુધી પિતાજીની પેઢી ચલાવતી વખતે પણ શાસ્ત્ર–વાંચન, અંતર–મંથન, સંસાર પ્રત્યે ઉદાસીનતા તથા પૂર્વના સંસ્કારના બળે વૈરાગ્યભાવની પુષ્ટિ પામ્યા એવી પાલેજ નગરીમાં શ્રી અનંતનાથ જિનમંદિરનાં ૨૨માં વર્ષ ગાંઠના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી થતાં બહારગામથી લગભગ ૪૦૦ મહેમાનો, પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી તેઓશ્રીનાં જૂના સંસ્મરણો સાંભળવા તેમ જ નજરે નિહાળવા આવેલા હતા. સવારે શ્રી સમયસાર ગાથા ૧૭–૧૮ ઉપર તથા બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચનો તેમ જ રાત્રિચર્ચાનો મુમુક્ષુઓને લાભ મળવા ઉપરાંત પ્રવચનો તેમ જ રાત્રિચર્ચામાં ૭૨ વર્ષ જૂના પ્રસંગો સાંભળવાનો તથા તે તે સ્થળ નજરે નિહાળવાનો લ્હાવો મળ્યો હતો. પિતાજીની જે પેઢીએ પૂજ્યશ્રી બેસતાં તે દુકાન વિગેરે અનેક સ્થળ પ્રત્યક્ષ દેખીને તેમ જ તે તે પ્રસંગ સાંભળીને મુમુક્ષુઓને ઘણો આનંદ થતો હતો.

❀ બપોરે ૧ થી ૧–૩૦ સુધી પેઢીના થડે બિરાજમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સન્મુખ અનેક મુમુક્ષુ ભાઈ–બહેનોએ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક પૂર્વનાં પ્રસંગોને યાદ કરાવતી ભક્તિની ધૂન મચાવી હતી (જુઓ પાનું ૩૨, ૩૪). મુખ્ય બજારની વચ્ચોવચ્ચ આવેલી દુકાનમાં આવું મનોરમ્ય દૃશ્ય નિહાળવા પાલેજની મેદની એકઠી થઈ હતી.


❀ અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં તેમ જ રાત્રિ તત્ત્વચર્ચામાં પણ બહુ મોટી સંખ્યામાં લોકોએ ઘણા ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. તા. ૨૨–૧૨–૭૮ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલવર્ધિની છત્રછાયામાં, મણિનગરમાં શ્રી છોટાલાલ ભીખાલાલ મહેતા મુંબઈવાળાના સુહસ્તે શ્રી સીમંધરસ્વામી જિન મંદિરની શિલાન્યાસવિધિ થઈ હતી.

❀ પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૨૬–૧૨–૭૮ ના રોજ અમદાવાદથી સોનગઢ પધાર્યા છે. તેઓશ્રી સોનગઢમાં સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી સમયસાર કર્તાકર્મ અધિકાર ઉપર તથા બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલી રહ્યાં છે.

## ❀ સીમંધરનાથના આડતીયા રે રંગ કેસરીયો ❀

પાલેજ નગરી મોઝાર, રે રંગ કેસરીયો,
આ તો પધાર્યા કહાન ગુરુરાજ, રે રંગ કેસરીયો,
પાલેજ પેઢીમાં શોભતા, રે રંગ કેસરીયો,
એને કહેતાં ભગતરાજ, રે રંગ કેસરીયો,
નિશ દિન રહેતાં ઉદાસ, રે રંગ કેસરીયો,
એ તો કરતાં શાસ્ત્રસ્વાધ્યાય, રે રંગ કેસરીયો,
ઉમરાળાથી આવીયા, રે રંગ કેસરીયો,
એ તો કરવા વ્યાપાર કાજ, રે રંગ કેસરીયો,
નાટક જોતાં અવનવા, રે રંગ કેસરીયો,
લાગી શીવરમણીની ધૂન, રે રંગ કેસરીયો,
પ્રભાવશાળી આ આત્મા, રે રંગ કેસરીયો,
એને એક દિન આવી આળ, રે રંગ કેસરીયો,
ન્યાયાધિશને મન વસી ગયા, રે રંગ કેસરીયો,
આ તો નિર્દોષ સત્ય વ્યાપારી, રે રંગ કેસરીયો,
વેપલો છોડયો માયાનો, રે રંગ કેસરીયો,
એણે માંડી જ્ઞાનની હાટ, રે રંગ કેસરીયો,
દેશ–વિદેશ વિચરતાં, રે રંગ કેસરીયો,
એ તો કરતાં જ્ઞાનની લ્હાણ, રે રંગ કેસરીયો,
સીમંધરનાથના આડતીયા, રે રંગ કેસરીયો,
લાવ્યા કુંદકુંદ પ્રભુના માલ, રે રંગ કેસરીયો,
શેઠજી એના સિદ્ધ ભગવંત, રે રંગ કેસરીયો,
દેતાં સ્વાનુભૂતિના સેમ્પલ, રે રંગ કેસરીયો,
ભગવતી ચંપા માતાજી, રે રંગ કેસરીયો,
દેતાં વચનામૃતના દાન, રે રંગ કેસરીયો,
જાગતા જીવો ઊભા કર્યા, રે રંગ કેસરીયો,
તને જરૂર પ્રાપ્ત થાય જ, રે રંગ કેસરીયો,
સૂર્યકીર્તિ જિનનાથ, રે રંગ કેસરીયો,
સમવસરણે રાખજો સાથ, રે રંગ કેસરીયો.

( –બ્ર. સુશીલાબેન, સોનગઢ )




## મુમુક્ષુઓને વૈરાગ્ય પ્રેરતાં, દેહની ક્ષણભંગુરતાનાં પ્રસંગો :–

❁ વઢવાણનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવી (વર્ષ–૬૮) કારતક વદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેઓને અપાર ભક્તિ હતી. છેલ્લા લગભગ ૩૮ વર્ષથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં આવ્યા હતા. સંવત્ ૧૯૯૮ માં તેમના મિત્ર રાણપુરવાળા નારણભાઈ કરશનજી સાથે મળીને સોનગઢમાં શ્રી સમવશરણ બંધાવ્યું હતું ને ત્યારબાદ સં. ૧૯૯૯ માં પૂજ્ય ગુરુદેવશ્રી વઢવાણ પધારતાં તન–મન–ધનથી ખૂબ જ ઉલ્લાસપૂર્વક તેઓએ લાભ લીધો હતો. તેઓ આત્માર્થી વાંચનકાર હતા.

❁ કલકત્તાનિવાસી જયાબેન શાંતિલાલ શાહ (વર્ષ–૫૪) તા. ૧૯–૧૨–૭૮ ના રોજ, બીલ્ડીંગમાં આગ લાગતાં દાઝી જવાથી સ્વર્ગવાસ પામ્યા છે. થોડા મહિના પહેલા જ તેઓએ ઘણા મહિના સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપહારિણી પ્રવચનોનો અપૂર્વ લાભ લીધો હતો.

❁ જાંબુડિનિવાસી (હાલ બોરીવલી) ડૉ. ચંપકલાલ મણીલાલ શાહ (શ્રી ગાંધી માણેકલાલ રામચંદના જમાઈ) (વર્ષ–૩૯) તા. ૧૬–૧૧–૭૮ના રોજ ચારેક દિનની કમળાની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

❁ રાજકોટ નિવાસી શ્રી નવલબેન અમૃતલાલ વીરપાલ પારેખ (વર્ષ–૭૨) તા. ૨૭–૧૧–૭૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ વિંછીઆનિવાસી (હાલ અમદાવાદ) શ્રી બાબુભાઈના પિતાશ્રી તંજુલાલ મુળજીભાઈ શાહ (વર્ષ–૭૫) તા. ૬–૧૨–૭૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા.

❀ રાણપુરનિવાસી (હાલ હૈદ્રાબાદ) શ્રી કેશવલાલ શાહ તથા ચીમનલાલ શાહના માતુશ્રી મણીબેન દીપચંદ શાહ (વર્ષ ૭૦) તા. ૧૦–૧૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પહેલા ઘણા વર્ષો સોનગઢ રહીને તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લીધો હતો.

❀ વિંછીઆનિવાસી, મુમુક્ષુ મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વર્ગસ્થ શ્રી મણીલાલભાઈના પુત્ર શ્રી મનસુખલાલ ધોળકીયા (વર્ષ ૫૦) તા. ૧૧–૧૨–૭૮ ના રોજ એકાએક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

❀ ગોંડલનિવાસી (હાલ મુંબઈ) રેવાલાલભાઈ વછરાજભાઈ શાહ (વર્ષ–૭૦ લગભગ) તા. ૨૩–૧૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પહેલા ઘણા વર્ષો સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનો લાભ લીધો હતો.

–સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. વીતરાગધર્મના શરણમાં પામેલા આત્મસંસ્કારના બળે આત્મોન્નતિ પામો એ જ કામના.

## * પાલેજ પેઢીમાં પધારો ગુરુજી *

પાલેજ પેઢીમાં પધારો ગુરુજી (૨), સ્વાગત કરીએ રે આજે.
બાળ તમારા નિશદિન જોતાં (૨), વાટલડી પ્રભુ તારી.
આઠ આઠ વર્ષોના વહાણા રે વાયા (૨), ચાતક વત તલસતાં.
ક્યારે આવે પ્રભુ અમ આંગણીયે (૨), ભાગ્ય ફળ્યા આજ અમારા.
કહાન ગુરુજી ચૈતન્ય વ્યાપારી (૨), અનંત ગુણોનાં ગોદામ ભરીયા.
ભગવંત બનાવવાનું કારખાનું ખોલ્યું (૨), પામરને પ્રભુ બનાવે.
ચૈતન્ય ઝવેરી ઝવેરાત બતાવે (૨), જ્ઞાન દર્શન હીરલા બતાવે.
ભવ્ય જીવો ચૈતન્ય હીરલાને પારખો (૨), અનંત ગુણોને નીહાળો.

(–બ્ર. સુશીલાબેન, સોનગઢ)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. યતિને કોઈ બીજા પદાર્થની સાથે જે સંયોગ થાય છે તે એક પ્રકારની આપત્તિ છે. એ જ યતિને ધનવાનોની સાથે સંગમ થઈ જવો તે મોટી–ભારે આપત્તિ છે, અને જે પુરુષ લક્ષ્મીના મદરૂપી મદિરાથી મત્ત થઈ રહેલ છે તથા મદને લઈને જેનું મુખ ઊંચું રહે છે એવા રાજાઓની સાથે સંબંધ થઈ જવો તે સંબંધ મોક્ષાભિલાષીના ચિત્તમાં મરણથી પણ અધિક દુઃખદાયક છે.

( શ્રી પદ્મનંદિઆચાર્ય–પરમાર્થવિંશતિ, શ્લોક–૯ )

૨. આ મનુષ્યના શરીર વિષે એક–એક અંગુલમાં છન્નુ–છન્નુ રોગ હોય છે. તો બાકીના સમસ્ત શરીર વિષે કેટલા રોગ કહેવા એ સમજો. ( આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાશી રોગ રહેલા છે. )

( શ્રી કુંદકુંદ આચાર્ય–ભાવપાહુડ, ગાથા–૩૭ )

૩. જીવદ્રવ્ય ઉત્તમ ગુણોનું ધામ છે–જ્ઞાનાદિ ઉત્તમ ગુણો એમાં જ છે. સર્વ દ્રવ્યોમાં એક જીવદ્રવ્ય જ પ્રધાન છે. કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે. સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે. અને અનંત જ્ઞાન–સુખાદિનો ભોક્તા પણ જીવ જ છે. –એમ હે ભવ્ય ! તું નિશ્ચયથી જાણ.

( સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૨૦૪ )

૪. નિશ્ચય સ્વરૂપના જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાચલ અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતાં નથી, તો પણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતાં નથી. અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ પણ એકપણું છે એમ માનતાં નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતાં નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે–એમ આચાર્ય માને છે.

( શ્રી જયસેનાઆચાર્ય–પંચાસ્તિકાય, ટીકા ગાથા–૪૫ )

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૭૬૧ | શ્રી સુરેશ મોહનલાલ ભાયાણી | મુંબઈ |
| ૭૬૨ | ,, કુસુમબેન છોટાલાલ શાહ | ,, |
| ૭૬૩ | ,, શાંતાબેન બાબુભાઈ કોઠારી | ,, |
| ૭૬૪ | ,, શશીકાંત અંબાલાલ પટેલ | ,, |
| ૭૬૫ | ,, હીનાબેન જસાણી | યુ. એસ. એ. |
| ૭૬૬ | ,, પી. કે. વોરા | મદ્રાસ |
| ૭૬૭ | ,, ભીખાલાલ વર્ધમાન કામદાર | મુંબઈ |
| ૭૬૮ | ,, સરોજબેન બી. કાપડીયા | ઇન્દૌર |
| ૭૬૯ | ,, ઇલાબેન કીરીટભાઈ કોઠારી | મુંબઈ |
| ૭૭૦ | ,, ગીરધરલાલ ચુનીલાલ મહેતા | ,, |
| ૭૭૧ | ,, દિગંબર જૈન મુમુક્ષુ મંડળ | જામનગર |
| ૭૭૨ | ,, મૃદુલાબેન પ્રફુલચન્દ્ર વસા | ,, |
| ૭૭૩ | ,, પુષ્પાબેન પારેખ | મુંબઈ |
| ૭૭૪ | ,, મુકેશ ડી. મહેતા | ,, |
| ૭૭૫ | ,, સુભદ્રાબેન રમણલાલ વખારીયા | ,, |
| ૭૭૬ | ,, વાડીલાલ જગજીવન શાહ | શોલાપુર |
| ૭૭૭ | ,, ઉષાબેન કિર્તીકુમાર કોઠારી | મુંબઈ |
| ૭૭૮ | ,, હરકીશન કલ્યાણજી વોરા | ,, |
| ૭૭૯ | ,, અશ્વિન મુગટલાલ દોશી | ,, |
| ૭૮૦ | ,, ભરતકુમાર મગનલાલ ઘીયા | ,, |
| ૭૮૧ | ,, કાન્તાબેન વૃજલાલ શાહ | વઢવાણ |
| ૭૮૨ | ,, મનસુખલાલ હીરાચંદ દેસાઈ | મુંબઈ |
| ૭૮૩ | ,, ખીમજી ડી. શાહ | હૈદ્રાબાદ |
| ૭૮૪ | ,, ડૉ. શશીકાન્ત ડી. મહેતા | મુંબઈ |
| ૭૮૫ | ,, કેશવલાલ વૃજલાલ કોઠારી | મુંબઈ |
| ૭૮૬ | ,, નવીનચંદ્ર વર્ધમાન | લાતુર |
| ૭૮૭ | ,, સૌભાગ્યચંદ વચ્છરાજ કોઠારી | મુંબઈ |
| ૭૮૮ | ,, મનીષકુમાર લવચંદ ઘેલાણી | વડોદરા |
| ૭૮૯ | ,, કિશોરચંદ્ર ધીરજલાલ ઝોબાળિયા | મુંબઈ |
| ૭૯૦ | ,, પંકજકુમાર બાલચંદ દોશી | ,, |

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/=** [ ક્રમશઃ ]

License No. 3
'Licensed to post without prepayment'

**If not delivered please Return to:**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364 250

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૯૦૦
[ વાર્ષિક લવાજમ રૂ. ૬=૦૦ ]